સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[SEP-2019]
[15/09 to 21/09]

# WEEK-38

## CURRENT TOPIC

- ભારતીય અર્થતંત્રને તીવ્ર ગતિથી વેગ આપવા ભારતમાં કોર્પોરેટ ટેક્સમાં અભૂતપૂર્વ ઘટાડો
- ભારતની સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશની નિમણૂક
- ભારતની સ્વદેશી બનાવટની અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ
- નમામી દેવી નર્મદે મહોત્સવ અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નર્મદા નીરના વધામણા
- **Global Economic Freedom Index 2019માં** ભારતની ઊંચી છલાંગ
- ભારતીય વાયુ સેનાના નવા વડા તરીકે શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયાની નિમણૂક


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 15 SEPTEMBER, 2019 SUNDAY

➤ દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર
(1) એન્જિનિયર દિવસ (Engineer's Day)
(2) આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy)
(3) વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ (World Lymphoma Awareness Day)

### એન્જિનિયર દિવસ

વિશ્વના વિવિધ દેશોમાં જુદા જુદા દિવસે 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 15 સપ્ટેમ્બરના રોજ **'એન્જિનિયર દિવસ'** ઉજવાય છે.
- ભારતના મહાન સિવિલ **એન્જિનિયર શ્રી એમ. વિશ્વેશ્વરૈયા**ની યાદમાં તેમનો જન્મદિન 15 સપ્ટેમ્બર ભારતમાં દર વર્ષે **'એન્જિનિયર દિવસ'** તરીકે ઉજવાય છે.
- શ્રી એમ. વિશ્વેશ્વરૈયાનું પૂરું નામ **સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા** છે.
- તેઓ Sir MV તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમનો જન્મ 15 સપ્ટેમ્બર, 1860ના રોજ વર્તમાન કર્ણાટકના ચિક્કાબાલાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ખાતે થયો હતો.
- તેઓ 1912થી 1919 દરમિયાન **મૈસૂર રાજ્યના દિવાન** પણ રહ્યા હતા.
- તેમને 1955માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર **'ભારત રત્ન'** એનાયત થયો હતો.

**નોંધ :** (1) ભારતના તેલંગાણામાં હૈદરાબાદના પ્રસિદ્ધ એન્જિનિયર **શ્રી અલી નવાઝ જંગ બહાદુર**ની યાદમાં તેમનો જન્મ દિન 11 જુલાઈ 'Telangana Engineer's Day' તરીકે ઉજવાય છે.

(2) સર એમ. વિશ્વેશ્વરૈયાની યાદમાં 15 સપ્ટેમ્બરના રોજ માત્ર ભારતમાં જ નહિ પરંતુ ભારત ઉપરાંત શ્રીલંકા અને તાન્ઝાનિયામાં પણ **'એન્જિનિયર દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ



સમગ્ર વિશ્વમાં લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 8 નવેમ્બર 2007ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2008માં આ દિવસની સૌપ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2019ની આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની થીમ 'Participation' (ભાગીદારી) છે.

નોંધ : વસતીની દષ્ટિએ ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.

## ➤ રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ સેક્ટરને પ્રોત્સાહન આપવા રૂ. 70,000 કરોડના રાહત પેકેજની જાહેરાત

14 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ભારતમાં રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે કેટલીક અગત્યની જાહેરાત કરી હતી.



- આ અંતર્ગત તેમણે ભારતમાં રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ એટલે કે નિકાસ ક્ષેત્રે બંને ક્ષેત્રના મળીને કુલ 70,000 કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રિયલ એસ્ટેટ

ભારતમાં 60 ટકા સુધી પૂરા થઈ ગયેલા અને પછી અટકી ગયેલા હાઉસિંગ પ્રોજેક્ટ માટે રૂ. 20,000 કરોડનું ફંડ રચવામાં આવશે.

- તેમાંથી રૂ. 10,000 કરોડ કેન્દ્ર સરકાર આપશે. જ્યારે બાકીના રૂ. 10,000 કરોડ રોકાણકારો પાસેથી મેળવવામાં આવશે.
- જે પ્રોજેક્ટ નાદારીની પ્રક્રિયામાંથી પસાર થયા નથી કે NPA જાહેર થયા નથી તેમને જ આ ભંડોળમાંથી મદદ મળશે.
- આ કારણે 3.5 લાખ મકાનમાલિકોને ફાયદો થશે.

### એક્સપોર્ટ અથવા નિકાસ

ભારતમાંથી નિકાસ વધારવા તથા નિકાસકારોને રાહત આપવા માટે ટેક્સ અને ડ્યુટીમાં રૂ. 50,000 કરોડની રાહત આપવામાં આવશે.

- આ માટે વર્તમાન MEIS (Merchandise Exports from India Scheme)ની જગ્યાએ 1 જાન્યુઆરી, 2020થી RoDTEP (Remission of Duties or Taxes on Export Product) નામની નવી યોજના અમલમાં મૂકવામાં આવશે.
- આ યોજનાથી નિકાસકારોને રૂ. 50,000 કરોડની રાહત થશે. અને સરકાર એટલી મહેસૂલી આવક ગુમાવશે.

## 4 મેગા શોપિંગ ફેસ્ટિવલ

દુબઈ શોપિંગ ફેસ્ટિવલની જેમ કેન્દ્ર સરકાર ભારતમાં પણ ચાર સ્થળોએ મેગા શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરશે.

- આ અંતર્ગત પ્રથમ શોપિંગ ફેસ્ટિવલ માર્ચ 2020માં યોજાશે.
- આ શોપિંગ ફેસ્ટિવલમાં હેન્ડીક્રાફ્ટ, યોગા, ટુરિઝ્મ, ટેક્સટાઈલ, લેધર અને જેમ્સ જ્વેલરી પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

## ICE Questions

1. ભારતમાં 'એન્જિનિયર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 13 સપ્ટેમ્બર (B) 14 સપ્ટેમ્બર (C) 15 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી અલી નવાઝ જંગ બહાદૂર (B) શ્રી એમ. વિશ્વેશ્વરૈયા
(C) શ્રી ઈ. શ્રીધરન (D) શ્રી સુબ્રમણ્યમ રામાદુરાઈ **(B)**

3. ભારતના કયા રાજ્યમાં 11 જુલાઈ 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) પશ્ચિમ બંગાળ (D) તેલંગાણા **(D)**

4. નીચેનામાંથી કયા દેશમાં 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) ભારત (B) શ્રીલંકા (C) તાન્ઝાનિયા (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 સપ્ટેમ્બર (B) 13 સપ્ટેમ્બર (C) 14 સપ્ટેમ્બર (D) 15 સપ્ટેમ્બર **(D)**

6. 'વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર **(B)**

7. 14 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ભારતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે કેટલા રૂપિયાના રાહત પેકેજની અથવા તો ફંડની રચનાની જાહેરાત કરી છે ?
(A) રૂ. 50,000 કરોડ (B) રૂ. 40,000 કરોડ (C) રૂ. 30,000 કરોડ (D) રૂ. 20,000 કરોડ **(D)**

8. 14 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ભારતમાંથી નિકાસને પ્રોત્સાહન આપવા માટે એક્સપોર્ટ ક્ષેત્રને કેટલી રાહત આપવાની જાહેરાત કરી છે ?
(A) રૂ. 70,000 કરોડ (B) રૂ. 50,000 કરોડ (C) રૂ. 40,000 કરોડ (D) રૂ. 20,000 કરોડ **(B)**

9. 14 સપ્ટેમ્બર 2019ના રોજ શ્રીમતી નિર્મલા સીતારામને કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 1 જાન્યુઆરી, 2020થી MEIS(Merchandise Exports from India Scheme)ની જગ્યાએ નવી કઈ યોજના અમલમાં મૂકવામાં આવશે ?
(A) RoDTEP (B) RoSTEP (C) RoBTEP (D) RoUTEP **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10. RoDTEPનું પૂરું નામ શું છે ?**

(A) Remission of Duties or Taxes on Export Product

(B) Remission of Duties or Taxes on Export Purchase

(C) Remission of Duties or Taxes on Export Purchasing

(D) Remission of Duties or Taxes on Export Provide

**(A)**

**11. શ્રીમતી નિર્મલા સીતારામને તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર કઈ જગ્યાએ યોજાતા શોપિંગ ફેસ્ટિવલની તર્જ પર ભારતમાં 2020માં ચાર સ્થળોએ મેગા શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે ?**

(A) અબુધાબી (B) દુબઈ (C) સિંગાપોર (D) ન્યુયોર્ક


**(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



**16 SEPTEMBER, 2019 MONDAY**

## ➤ દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ




ઓઝોનના પડના સંરક્ષણ માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પૃથ્વીના વાયુમંડળમાં આવેલું ઓઝોનનું પડ સૂર્ય પરથી આવતા હાનિકારક પારજાંબલિ કિરણોનું શોષણ કરીને પૃથ્વીની જીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે.
- આધુનિક ટેક્નોલોજીના વર્તમાન યુગમાં મનુષ્યની વિવિધ પ્રવૃત્તિઓને કારણે ઓઝોનના આ પડમાં ક્ષતિ થઈ છે.
- આથી, ઓઝોનના પડમાં થતું નુકશાન અટકાવવા માટે જાગૃતિ લાવવા 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઓઝોનના પડના સંરક્ષણ માટે 16 સપ્ટેમ્બર, 1987ના રોજ મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આથી, આ દિવસની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 19 ડિસેમ્બર, 2000ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસે 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2019ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ '32 years and Healing' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના મલ્ટિરોલ લાઈટ ફાઈટર વિમાન તેજસનું પ્રથમ સફળ અરેસ્ટ લેન્ડિંગ



તાજેતરમાં ભારતના ગોવા ખાતે ભારતીય વાયુસેનાના યુદ્ધવિમાન તેજસના નેવલ વર્ઝનનો એક ખાસ ટેસ્ટ કરવામાં આવ્યો હતો....જે સફળ રહ્યો છે.

- આ ટેસ્ટ અંતર્ગત તેજસનું પ્રથમ વખત સફળ અરેસ્ટ લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે.

### અરેસ્ટ લેન્ડિંગ શું છે ?

કોઈ પણ યુદ્ધ વિમાનને કોઈ એરપોર્ટની જગ્યાએ જ્યારે કોઈ યુદ્ધ જહાજ પર લેન્ડ કરવાનું હોય છે ત્યારે તેની એક મર્યાદા હોય છે.

- કેમ કે યુદ્ધ જહાજનો રન વે ખૂબ જ નાનો હોય છે. પરિણામે, વિમાનની સ્પીડ કંટ્રોલ કરીને તેને જહાજ પર રોકવું મોટો પડકાર હોય છે.
- આથી, ખૂબ જ નાના તથા ઓછી જગ્યા ધરાવતા રન વે પર યુદ્ધ વિમાનોને લેન્ડ કરાવવા માટે 'અરેસ્ટ વાયર ટેક્નોલોજી'નો ઉપયોગ કરવામાં આવે છે.
- જેમાં વિમાનની પાછળ હૂક જેવો લેન્ડિંગ ગિયર હોય છે અને જહાજ પર એક મજબૂત વાયર હોય છે.

- લેન્ડિંગ દરમિયાન પાઈલટ આ વાયરમાં ગિયર ફસાવીને વિમાનને રોકે છે.

**નોંધ :** હાલ અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન એમ વિશ્વના કુલ પાંચ દેશો પાસે જ આ ટેક્નોલોજી છે.

## તેજસ

તેજસ એ ભારતનું Single-engine, Delta wing, Multirole light fighter વિમાન છે.

- ભારતીય નેવી તથા ભારતીય એર ફોર્સ માટે ADA (Aeronautical Development Agency) અને HAL (Hindustan Aeronautics Limited) દ્વારા તેની ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.
- **તેજસ** એ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઈન સાથે ભારતમાં જ તૈયાર કરવામાં આવેલું **સૌપ્રથમ યુદ્ધ વિમાન** છે.
- **લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)** તરીકે ઓળખાતા આ વિમાનને **4 મે, 2003**ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન **શ્રી અટલ બિહારી વાજપેઈએ 'તેજસ'** નામ આપ્યું હતું.
- ભારતમાં MiG-21ની જગ્યાએ ઉપયોગમાં લેવા માટે આ યુદ્ધ વિમાનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેજસ એ તેની શ્રેણીનું વિશ્વનું **સૌથી હલકુ અને સૌથી નાનું સુપરસોનિક યુદ્ધ વિમાન** છે.

રાષ્ટ્રીયકૃત બેંકોમાં આવનારી વિશાળ ભરતી...
LARGEST VACANCY ANNOUNCED 2019
IBPS CLERK / PO
અમને વિશ્વાસ છે, આપ પણ બેંક ઓફિસર બની શકો છો...
ફ્રી ટ્રાયલ લેકચર
26/09/19 Mor - 7:30
Daily Time Management Practice
Updated Study Materials
ICE PROVIDES...
- New Exam Cracking Strategy & Winning Policy
- Expert & Experienced Faculties
- One to One Analysis
- Online Test Paper Practice (Topic Wise / Section Wise)
- Skill Wise Preparation
- Weekly Class Test Paper
INSTITUTE FOR COMPETITIVE EXAMS
9375701110
9328001110
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.

## ➤ સાઉદી અરેબિયાની સરકારી ઓઈલ કંપની અરામ્કોની રિફાઈનરીઓ પર ડ્રોન હુમલો



14 સપ્ટેમ્બર 2019ના રોજ સાઉદી અરેબિયાની સરકારી ઓઈલ કંપની સાઉદી અરામ્કોની Abqaiq અને Khurais નામની Oil Processing Facilities તથા Oil Field પર ડ્રોન દ્વારા હુમલો થયો હતો.

- આ હુમલાથી લાગેલી આગને કારણે આ યુનિટને મોટું નુકશાન થયું છે.
- યમનના હૌથી (Houthi) બળવાખોરો દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી છે.
- જોકે, અમેરિકાએ આ હુમલા પાછળ ઈરાનનો હાથ હોવાનું જણાવતા વિવાદ સર્જાયો છે.

**નોંધ :** (1) Saudi Aramco એ વિશ્વની સૌથી મોટી ઓઈલ પ્રોડ્યુસર કંપની છે.

(2) તાજેતરમાં Saudi Aramco ભારતની Reliance Industriesના ઓઈલ અને કેમિકલ બિઝનેસનો 20 ટકા હિસ્સો 15 અબજ ડોલરમાં ખરીદશે એવી જાહેરાત થઈ હતી.

(3) સાઉદી અરામ્કોનું વડું મથક Dhahran ખાતે આવેલું છે.

### ICE ? Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર — **(C)**

2. ઓઝોન પડના સંરક્ષણ માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર ક્યારે કરવામાં આવ્યા હતા કે જેની યાદમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 16 સપ્ટેમ્બર, 1986 (B) 16 સપ્ટેમ્બર, 1987
   (C) 16 સપ્ટેમ્બર, 1988 (D) 16 સપ્ટેમ્બર, 1989 — **(B)**

3. વર્ષ 2019ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ શું છે ?
   (A) 22 Years and Healing (B) 25 Years and Healing
   (C) 30 Years and Healing (D) 32 Years and Healing — **(D)**

4. તાજેતરમાં ભારતના કયા યુદ્ધ વિમાને પ્રથમ સફળ અરેસ્ટ લેન્ડિંગ કર્યું છે ?
   (A) તેજસ (B) પ્રહાર (C) વિક્રમ (D) સૂર્યા — **(A)**

5. તાજેતરમાં ભારતના મલ્ટિરોલ લાઈટ ફાઈટર વિમાન તેજસે ક્યાંથી પ્રથમ સફળ અરેસ્ટ લેન્ડિંગ કર્યું છે ?
   (A) રાજસ્થાન (B) ગોવા (C) આંધ્રપ્રદેશ (D) ઓડિશા — **(B)**

6. 14 સપ્ટેમ્બર, 2019ના રોજ સાઉદી અરેબિયાની કઈ સરકારી ઓઈલ કંપનીની રિફાઈનરીઓ પર ડ્રોન હુમલો થયો હતો ?
   (A) સાઉદી અરેમિયા (B) સાઉદી અરામ્કો
   (C) સાઉદી અલ જજીરા (D) સાઉદ્ અલ રજીદ — **(B)**

**7.** **14 સપ્ટેમ્બર 2019ના રોજ સાઉદી અરામ્કોની કઈ રિફાઈનરી અથવા તો પ્રોસેસિંગ ફેસિલિટી કે ઓઈલ ફિલ્ડ પર ડ્રોન હુમલો થયો હતો ?**

(A) Abqaiq અને Khurais (B) Abqaiq અને Khasur
(C) Abqaiq અને Nurais (D) Abqaiq અને Nairish **(A)**

**8.** **14 સપ્ટેમ્બર 2019ના રોજ સાઉદી અરામ્કોના Abqaiq અને Khurais યુનિટ પર થયેલા ડ્રોન હુમલાની જવાબદારી યમન સ્થિત કયા લડાકૂ અથવા તો બળવાખોર જૂથે સ્વીકારી હતી ?**

(A) હુગ્દી (B) હૌની (C) હૌથી (D) હૌગ્દી **(C)**

## 17 SEPTEMBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, પ્રથમ વિશ્વ દર્દી સલામતી દિવસ (1st World Patient Safety Day)

સમગ્ર વિશ્વમાં દર્દીઓની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે WHO (World Health Organization) દ્વારા સૌપ્રથમ વખત 17 સપ્ટેમ્બર, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દર્દી સલામતી દિવસ' ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત તાજેતરમાં 17 સપ્ટેમ્બર, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ 2019ની 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની થીમ 'Patient Safety : a Global Health Priority' છે.
- વર્ષ 2019નું 'વિશ્વ દર્દી સલામતી દિવસ'નું સ્લોગન 'Speak up for Patient Safety' છે.

**નોંધ :** મે 2019 દરમિયાન યોજાયેલી 72મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.




### ➤ Global Economic Freedom Index 2019માં ભારતની ઊંચી છલાંગ

કેનેડાની Fraser Institute અને ભારતની Centre for Civil Society દ્વારા સંયુક્ત રૂપે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા Global Economic Freedom Index 2019માં કુલ 162 દેશોમાં ભારત 79મા ક્રમે છે.

- આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 96મા ક્રમે હતું.
- આમ, વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં ભારતના રેન્કમાં 17 અંકનો સુધારો થયો છે.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં હોંગકોંગ પ્રથમ ક્રમે છે.
- હોંગકોંગ બાદ સિંગાપુર બીજા અને ન્યુઝીલેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે વેનેઝુએલા અંતિમ 162મા ક્રમે છે.

**Global Economic Freedom Index 2019**

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | હોંગકોંગ | 110 | નેપાળ |
| 2 | સિંગાપુર | 113 | ચીન |
| 3 | ન્યુઝીલેન્ડ | 123 | બાંગ્લાદેશ |
| 79 | ભારત | 136 | પાકિસ્તાન |
| 87 | ભૂતાન | 148 | મ્યાનમાર |
| 104 | શ્રીલંકા | 162 | વેનેઝુએલા |

**નોંધ :**

(1) આ રેન્કિંગમાં ભારત ચીન સહિત તેના તમામ પાડોશી દેશો કરતા આગળ છે.

(2) સરકારનું કદ, કાનૂની માળખું અને સંપત્તિના હકોની સલામતી, નાણાની સુગમતા, આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર કરવાની સ્વતંત્રતા તથા ક્રેડિટ, લેબર અને બિઝનેસનું નિયમન એમ કુલ પાંચ ક્ષેત્રોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.

## ➤ હાસ્ય લેખક શ્રી નટવર પંડ્યાના પુસ્તક 'હાસ્યં પરં ધીમહિ'ને વર્ષ 2019નો 'જ્યોતિન્દ્ર દવે ચંદ્રક' એનાયત

તાજેતરમાં ગુજરાતના સુરત ખાતે યોજાયેલા એક સમારોહમાં સુરતના પ્રસિદ્ધ હાસ્ય લેખક **શ્રી નટવર પંડ્યા**ના પુસ્તક **'હાસ્યં પરં ધીમહિ'**ને વર્ષ 2019નો **'જ્યોતિન્દ્ર દવે ચંદ્રક'** એનાયત થયો છે.

- સુરતની પ્રતિષ્ઠિત સાહિત્ય સંસ્થા **'નર્મદ સાહિત્ય સભા'** દ્વારા ગુજરાતી ભાષાના **'હાસ્યના ભિષ્મ પિતામહ'** તરીકે ઓળખાતા **શ્રી જ્યોતિન્દ્ર દવે**ની સ્મૃતિમાં દર બે વર્ષે આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ અંતર્ગત વર્ષ 2017 અને વર્ષ 2018માં ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયેલા હાસ્ય લેખનના પુસ્તકોમાંથી હાસ્યના શ્રેષ્ઠ પુસ્તક તરીકે શ્રી નટવર પંડ્યાના પુસ્તક 'હાસ્યં પરં ધીમહિ'ને વર્ષ 2019નો 'જ્યોતિન્દ્ર દવે ચંદ્રક' એનાયત થયો છે.

**નોંધ :** વર્ષ 2019નો 'જ્યોતિન્દ્ર દવે ચંદ્રક' સુરતના પ્રસિદ્ધ હાસ્ય લેખક **શ્રી નટવર પંડ્યા**ને મળ્યો છે, ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ **શ્રી નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્'**ને નહિ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'વિશ્વ દર્દી સલામતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 સપ્ટેમ્બર (B) 16 સપ્ટેમ્બર (C) 17 સપ્ટેમ્બર (D) 18 સપ્ટેમ્બર — **(C)**

2. તાજેતરમાં 17 સપ્ટેમ્બર, 2019ના રોજ કેટલામા 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) પાંચમા — **(A)**

3. વર્ષ 2019ની 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની થીમ શું છે ?
(A) Speak up for Patient Safety (B) Patient Safety : a Global Health Priority
(C) Patient Safety : a Global Health Issue (D) Patient Safety : a Global Health Challenge — **(B)**

4. ફ્રેશર ઈન્સ્ટિટ્યૂટ અને સેન્ટર ફોર સિવિલ સોસાયટી દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ ઈકોનોમિક ફ્રીડમ ઈન્ડેક્સ 2019માં કુલ 162 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 69 (B) 79 (C) 89 (D) 96 — **(B)**

5. ફ્રેશર ઈન્સ્ટિટ્યૂટ અને સેન્ટર ફોર સિવિલ સોસાયટી દ્વારા પ્રસિદ્ધ થયેલા વર્ષ 2018ના ગ્લોબલ ઈકોનોમિક ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારત કયા ક્રમે હતું ?
(A) 79 (B) 96 (C) 109 (D) 112 **(B)**

6. ફ્રેશર ઈન્સ્ટિટ્યૂટ અને સેન્ટર ફોર સિવિલ સોસાયટી દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ ઈકોનોમિક ફ્રીડમ ઈન્ડેક્સ 2019માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) હોંગકોંગ (B) સિંગાપુર (C) ન્યુઝીલેન્ડ (D) અમેરિકા **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં ગુજરાતના કયા હાસ્ય લેખકને વર્ષ 2019નો 'જ્યોતિન્દ્ર દવે ચંદ્રક' એનાયત થયો છે ?
(A) શ્રી રતિલાલ બોરીસાગર (B) શ્રી ચંદ્રકાન્ત પંડ્યા
(C) શ્રી બકુલ ત્રિપાઠી (D) શ્રી નટવર પંડ્યા **(D)**

8. શ્રી નટવર પંડ્યાને તેમની કઈ કૃતિ માટે વર્ષ 2019નો 'જ્યોતિન્દ્ર દવે ચંદ્રક' એનાયત થયો છે ?
(A) હાસ્યં કુરું સંભવામિ (B) હાસ્યં પરં ધીમહિ
(C) હાસ્યં મૂકં ચિંતયામિ (D) હાસ્યં સર્વં ચિન્મયામિ **(B)**

9. 'હાસ્યં પરં ધીમહિ' કૃતિના સર્જકનું નામ શું છે ?
(A) શ્રી નટવર પંડ્યા (B) શ્રી ઈશ્વર પેટલીકર
(C) શ્રી તારક મહેતા (D) શ્રી બંસીધર શુક્લ **(A)**

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, તલાટી, જુનિયર ક્લાર્ક, PSI/ASI/CONSTABLE, આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM.. સર્વેયર, ડેપોમેનેજર વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

કરંટ અફેર્સની ઓછા સમયમાં શ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી
વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી
અનુચ્છેદ 370, ચંદ્રયાન-2, ભારત સરકારનું નવું મંત્રી મંડળ, ગુજરાત તથા ભારત સરકારના વર્ષ 2019-20ના નવા બજેટ વિશે વિશેષ માહિતી
ગુજરાત, ભારત તથા વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

બિનસચિવાલય ક્લાર્ક સહિતની ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

કરન્ટ અફેર્સ
JAN TO AUG 2019

AVAILABLE NOW

કરન્ટ અફેર્સના 1500+ પ્રશ્ન જવાબો

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon




વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## 18 SEPTEMBER, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, વિશ્વ વાંસ દિવસ

### ➤ નમામી દેવી નર્મદે મહોત્સવ અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નર્મદા નીરના વધામણા



ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ તાજેતરમાં સૌપ્રથમ વખત તેની પૂર્ણ સપાટી 138.68 મીટર સુધી ભરાવાના ઐતિહાસિક અવસરે ગુજરાત સરકાર દ્વારા 17 સપ્ટેમ્બર, 2019ના રોજ રાજ્ય વ્યાપી 'નમામી દેવી નર્મદે મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે કેવડિયા ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના મુખ્ય સમારોહમાં પોતાના 70મા જન્મદિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના નીરની પૂજા તથા મહાઆરતી પણ કરી હતી.
- 17 સપ્ટેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં 'નમામી દેવી નર્મદે મહોત્સવ' અંતર્ગત સવારે 9:00થી 10:00 એક કલાક દરમિયાન નદી, નાળા, તળાવોમાંથી સીંગલ યુઝ પ્લાસ્ટિકનું એકત્રિકરણ કરવાના તથા વૃક્ષારોપણના કાર્યક્રમો પણ યોજાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### 7000 કિલોની કેક દ્વારા વડાપ્રધાનશ્રીના જન્મદિનની ઉજવણી

17 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન હોવાથી ગુજરાતના સુરતની બ્રેડલાઈનર બેકરી દ્વારા 7000 કિલોગ્રામ વજનની 700 ફૂટ લાંબી કેક બનાવીને તેમના 70મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- આ કેકને 'અગેઈન્ટ્સ કરપ્શન' નામ આપવામાં આવ્યું હતું.
- અને 700 ઓનેસ્ટ લોકો દ્વારા આ કેક કાપવામાં આવી હતી.



**નોંધ :**

(1) 17 સપ્ટેમ્બર, 1950ના રોજ ગુજરાતના વડનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ થયો હતો.

(2) ભારતમાં 17 સપ્ટેમ્બર 'શ્રી વિશ્વકર્મા જયંતિ' તરીકે ઉજવાય છે.

(3) 17 સપ્ટેમ્બર, 1948ના રોજ હૈદરાબાદના નિઝામે આત્મસમર્પણ કર્યું હતું અને હૈદરાબાદને ભારત સાથે જોડવાનો નિર્ણય કર્યો હતો. આથી, ભારતમાં 17 સપ્ટેમ્બર 'હૈદરાબાદ મુક્તિ દિન' તરીકે પણ ઉજવાય છે.

## સરદાર સરોવર ડેમ - નર્મદા યોજના અંગેની કેટલીક અગત્યની તવારીખ

(1) **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે** સૌપ્રથમ વખત 1946માં નર્મદા નદી પર વિશાળ બંધ બાંધવાનો વિચાર રજૂ કર્યો હતો એવું કહેવાય છે.

(2) ત્યારબાદ 5 એપ્રિલ, 1961ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન **શ્રી જવાહરલાલ નહેરુએ** આ ડેમનો શિલાન્યાસ કર્યો હતો.

(3) **ગુજરાત અને મધ્યપ્રદેશ** વચ્ચે નર્મદા જળના હિસ્સા અંગે થયેલા વિવાદના ઉકેલ માટે કેન્દ્ર સરકારે 1964માં **ખોસલા સમિતિ**ની રચના કરી હતી.

(4) જોકે, ખોસલા સમિતિની ભલામણ સાથે મધ્યપ્રદેશ સરકાર સહમત ન થતાં આ વિવાદના ઉકેલ માટે કેન્દ્ર સરકારે (નદી જળ વિવાદ એક્ટ 1956 અંતર્ગત) **ઓક્ટોબર 1969**માં **નર્મદા જળ વિવાદ પંચ (એટલે કે ટ્રિબ્યુનલની)** રચના કરી હતી.

(5) ઓક્ટોબર 1969માં રચાયેલી આ ટ્રિબ્યુનલે 1979માં તેનો **અંતિમ અને સીમાચિહ્ન રૂપ** ચુકાદો આપ્યો હતો.

(6) **એપ્રિલ 1987**માં પાયાથી 163 મીટર ઊંચા અને 1210 મીટર લાંબા કોન્ક્રીટ ગ્રેવીટી ડેમના બાંધકામનો ઈજારો આપવામાં આવ્યો હતો અને તેના **બાંધકામનો પ્રારંભ** થયો હતો.

(7) સૌપ્રથમ ફેબ્રુઆરી 1999માં **સુપ્રીમ કોર્ટે** આ ડેમની ઊંચાઈ 80 મીટરથી વધારીને 88 મીટર કરવાની મંજૂરી આપી હતી.

(8) **નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ** માર્ચ 2006માં આ ડેમની ઊંચાઈ 110.64 મીટરથી વધારીને 121.92 મીટર સુધી લઈ જવાની છૂટ આપી હતી. આ સમયે વિવાદ થતાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** 16 એપ્રિલ 2006થી ઉપવાસ કર્યો હતો.

(9) **જૂન 2014**માં **શ્રી નરેન્દ્રભાઈ મોદી** ભારતના વડાપ્રધાન બન્યાના **17મા દિવસે** નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ તેની ઊંચાઈ 121.92 મીટર (400 ફૂટ)થી વધારીને 138.68 મીટર (455 ફૂટ) સુધી લઈ જવાની ફાઈનલ મંજૂરી આપી હતી.

(10) ત્યારબાદ આ ડેમને તેની પૂર્ણ સપાટી સુધી ભરવા માટે 16 જૂન 2017ના રોજ **નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની 89મી બેઠક**માં તેના દરવાજા બંધ કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી.

(11) અને 17 જૂન 2017ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે તેના **તમામ 30 દરવાજા** બંધ કરવામાં આવ્યા હતા.

(12) તારીખ **15 સપ્ટેમ્બર 2019**ના રોજ નર્મદા ડેમ તેની **પૂર્ણ જળાશય સપાટીએ** એટલે કે 138.68 મીટર ભરાયો હતો. અને 17 સપ્ટેમ્બર 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 70મા જન્મદિને નર્મદા નીરના વધામણા કરવામાં આવ્યા હતા.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :**(1) નર્મદા ડેમમાં 138.68 મીટર એટલે કે 455 ફૂટ સુધી પાણીનો જીવંત સંગ્રહ થતાં તેમાં 4.73 મિલિયન એકર ફૂટ જળ સંગ્રહ શકય બન્યો છે.

(2) નર્મદા ડેમની ઊંચાઈ 138.68 મીટર અથવા તો 455 ફૂટ છે. જોકે, તેના પાયાથી અથવા તો સૌથી ઊંડા પાયાથી તેની ઊંચાઈ 163 મીટર અથવા તો 535 ફૂટ છે.

(3) નર્મદા ડેમની માલિકી 'Narmada Control Authority' (એટલે કે નર્મદા નિયંત્રણ સત્તામંડળ) પાસે છે.

(4) નર્મદા ડેમના પાણી તથા તેમાંથી મળતી વીજળીનો લાભ ભારતના ચાર રાજ્યોને મળે છે : (i) ગુજરાત (ii) મધ્યપ્રદેશ (iii) રાજસ્થાન અને (iv) મહારાષ્ટ્ર.

## ➤ વડાપ્રધાનશ્રીના જન્મદિને અમદાવાદમાં સ્કૂબા ડાઈવિંગનો પ્રારંભ



17 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 70મા જન્મદિને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અમદાવાદની સાબરમતી નદીમાં સ્કૂબા ડાઈવિંગની સુવિધાનો પ્રારંભ કર્યો છે.

- 17 સપ્ટેમ્બર, 2019ના રોજ સ્કૂબા ડાઈવિંગ ઉપરાંત અમદાવાદની સાબરમતી નદીમાં જેટ્સકી અને એરબોટ જેવી વોટર રાઈડ એક્ટિવિટીનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આથી, અમદાવાદના નાગરિકોને હવે આ માટે બહુ દૂર સુધી જવાની જરૂર રહેશે નહિ.

## ➤ વિશ્વના સૌથી મોટા 20 એરપોર્ટની યાદીમાં દિલ્હી એરપોર્ટનો સમાવેશ

Airports Council International (ACI) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા World Trafic Reportમાં પેસેન્જરની સંખ્યાની દષ્ટીએ વિશ્વના સૌથી મોટા 20 અથવા તો સૌથી વધુ વ્યસ્ત 20 એરપોર્ટની યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં ભારતના એકમાત્ર દિલ્હી એરપોર્ટનો સમાવેશ થયો છે.
- દિલ્હીનું ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ આ યાદીમાં 12મા ક્રમે છે.
- જ્યારે આ યાદીમાં અમેરિકાનું હાર્ટ્સફિલ્ડ જેક્સન એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રથમ ક્રમે છે.
- ચીનનું બેઈજિંગ એરપોર્ટ બીજા અને યુનાઈટેડ આરબ અમિરાતનું દુબઈ એરપોર્ટ આ યાદીમાં ત્રીજા ક્રમે છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**World's Top 20 Busiest Airports 2018 as per ACI Report**

| Rank | Airport | Country |
|---|---|---|
| 01 | Hartsfield Jackson Atlanta International Airport, Georgia | America |
| 02 | Beijing Capital International Airport | China |
| 03 | Dubai International Airport | UAE |
| 12 | Indira Gandhi International Airport, New Delhi | India |
| 20 | Denver International Airport, Colorado | America |

## ➤ ભારતની સ્વદેશી બનાવટની અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ



17 સપ્ટેમ્બર, 2019ના રોજ DRDO દ્વારા ભારતની સ્વદેશી બનાવટની અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- પશ્ચિમ બંગાળના એક એરબેઝ પરથી ઉડાન ભરેલા Sukhoi Su-30MKI વિમાનમાંથી છોડાયેલી આ મિસાઈલે ઓડિશાના દરિયા કિનારા નજીક બંગાળની ખાડીમાંના પોતાના લક્ષ્યને સચોટ રીતે વિંધ્યુ હતું.

### અસ્ત્ર મિસાઈલની વિશેષતા

અસ્ત્ર એ હવામાંથી હવામાં (Air to Air) પ્રહાર કરતી ભારતમાં બનેલી પ્રથમ મિસાઈલ છે.

- ભારતની સ્વદેશી બનાવટની આ મિસાઈલની ડિઝાઈન DRDO દ્વારા તૈયાર કરવામાં આવી છે અને Bharat Dynamics Limited (BDL) દ્વારા તેનું મેન્યુફેક્ચરિંગ કરવામાં આવે છે.
- અસ્ત્ર એ Beyond Visual Range Air to Air Missile છે. જે ખૂબ જ વધારે સ્પીડથી ગતિ કરતા અને નરી આંખે જોઈ ન શકાતા લક્ષ્યને પણ તે સચોટ રીતે ભેદી શકે છે.
- વિવિધ રેન્જ અને ઊંચાઈ ધરાવતા લક્ષ્યને ભેદવાની ક્ષમતા ધરાવતી આ મિસાઈલની પ્રહાર ક્ષમતા 20થી 80 કિમી સુધીની છે.
- ભારતના Sukhoi Su-30MKI યુદ્ધ વિમાન સાથે આ મિસાઈલને જોડવામાં આવી છે.
- Mirage 2000 તથા MIG-29 જેવા ભારતના અન્ય વિમાનોમાં આ મિસાઈલનો ઉપયોગ કરી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 17 સપ્ટેમ્બરના રોજ ભારતમાં નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?
   (A) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન (B) શ્રી વિશ્વકર્મા જયંતિ
   (C) હૈદરાબાદ મુક્તિ દિન (D) છત્રપતિ શિવાજી મહારાજ જન્મદિન **(D)**

2. તાજેતરમાં સરદાર સરોવર નર્મદા ડેમ સૌપ્રથમ વખત તેની પૂર્ણ સપાટી સુધી ભરાવાના ઐતિહાસિક પ્રસંગે ગુજરાતમાં 17 સપ્ટેમ્બર 2019ના રોજ કયા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી ?
   (A) મા નર્મદે સર્વદે (B) દેવી નર્મદે સર્વદે
   (C) નમામી દેવી નર્મદે (D) પુણ્યશ્લોકા દેવી નર્મદે **(C)**

| | | |
|---|---|---|
| 3. | સરદાર સરોવર નર્મદા ડેમ સૌપ્રથમ વખત કેટલા મીટર સુધી ભરાતા ગુજરાતમાં 'નમામી દેવી નર્મદે મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી ?<br>(A) 138.18 (B) 138.48 (C) 138.68 (D) 138.78 | (C) |
| 4. | 17 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતના કયા શહેરમાં 7000 કિલોની કેક દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 70મા જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી ?<br>(A) વારાણસી (B) વડનગર (C) સુરત (D) દિલ્હી | (C) |
| 5. | 17 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતમાં 'નમામી દેવી નર્મદે મહોત્સવ' અંતર્ગત રાજ્યકક્ષાનો મુખ્ય સમારોહ કયાં યોજાયો હતો ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) કેવડિયા કોલોની (D) વડોદરા | (C) |
| 6. | સરદાર સરોવર નર્મદા ડેમનો શિલાન્યાસ કયારે થયો હતો ?<br>(A) 1 એપ્રિલ, 1961 (B) 5 એપ્રિલ, 1961 (C) 10 એપ્રિલ, 1961 (D) 15 એપ્રિલ, 1961 | (B) |
| 7. | ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે નર્મદા જળના હિસ્સા અંગે થયેલા વિવાદના સમાધાન માટે કેન્દ્ર સરકારે 1964માં કઈ સમિતિની રચના કરી હતી ?<br>(A) ખોસલા સમિતિ (B) જીવીકે સમિતિ (C) નૈયર સમિતિ (D) કુલભૂષણ સમિતિ | (A) |
| 8. | નર્મદા જળ વિવાદના ઉકેલ માટે ટ્રિબ્યુનલ અથવા તો નર્મદા જળ વિવાદ પંચની રચના કયારે થઈ હતી ?<br>(A) ઓક્ટોબર 1969 (B) ઓક્ટોબર 1971 (C) ઓક્ટોબર 1976 (D) ઓક્ટોબર 1979 | (A) |
| 9. | નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા નર્મદા ડેમની ઊંચાઈ 121.92 મીટરથી વધારીને 138.68 મીટર સુધી લઈ જવાની મંજૂરી કયારે આપવામાં આવી હતી ?<br>(A) જૂન 2012 (B) જૂન 2013 (C) જૂન 2014 (D) જૂન 2015 | (C) |
| 10. | નર્મદા ડેમને તેની પૂર્ણ સપાટી સુધી ભરવા માટે નર્મદા ડેમના તમામ 30 દરવાજા બંધ કરવાની મંજૂરી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની કેટલામી બેઠકમાં આપવામાં આવી હતી ?<br>(A) 80મી (B) 83મી (C) 87મી (D) 89મી | (D) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 19 SEPTEMBER, 2019 THURSDAY

### ➤ બિન-નિવાસી ગુજરાતીઓ માટેની 'ગુજરાત દર્શન યોજના' શું છે ?

ભારતના <u>અન્ય રાજ્યોમાં વસતા</u> <u>60થી 70 વર્ષ</u>ની આયુ ધરાવતા <u>વરિષ્ઠ નાગરિકો</u> ગુજરાતની મુલાકાતે આવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા <u>'ગુજરાત દર્શન યોજના'</u> અમલમાં મૂકવામાં આવી છે.

- ગુજરાત સરકારના <u>બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ</u> દ્વારા <u>વર્ષ 2019-20</u>થી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ યોજના અંતર્ગત <u>60થી 70</u> વર્ષની આયુ ધરાવતા બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાતમાં <u>6 દિવસ અને 7 રાત્રી</u> રોકાણ કરી શકશે.
- આ દિવસો દરમિયાન તેમનો રહેવા, જમવાનો તથા વિવિધ સ્થળોની મુલાકાત સહિતનો પ્રતિ વ્યક્તિ <u>રૂ. 10,000</u> સુધીનો ખર્ચ ગુજરાત સરકાર ભોગવશે.
- આ કાર્યક્રમ અંતર્ગત પ્રતિ વર્ષ મહત્તમ <u>150</u> વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળશે.


## ➤ ભારતની સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશની નિમણૂક

તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતની સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે જ ભારતની સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ સહિત ન્યાયાધીશોની કુલ સંખ્યા 34 થઈ ગઈ છે.
- સુપ્રીમ કોર્ટમાં નિમણૂક પામેલા નવા ચાર ન્યાયાધીશના નામ આ પ્રમાણે છે :

**સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશ**

| ક્રમ | ન્યાયાધીશ | નિમણૂક અગાઉ તેઓ કઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા ? |
|---|---|---|
| 1 | જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ્ટ/ભાટ/ભટ | રાજસ્થાન |
| 2 | જસ્ટિસ કૃષ્ણ મુરારી | પંજાબ અને હરિયાણા |
| 3 | જસ્ટિસ વી. રામાસુબ્રમણ્યમ | હિમાચલ પ્રદેશ |
| 4 | જસ્ટિસ ઋષિકેશ રોય | કેરળ |


શ્રી વી. રામાસુબ્રમણ્યમ


શ્રી ઋષિકેશ રોય


શ્રી કૃષ્ણ મુરારી


શ્રી એસ. રવિન્દ્ર ભટ્ટ

**ભારતની સુપ્રીમ કોર્ટમાં ત્રણ મહિલા જજ**

ભારતની સુપ્રીમ કોર્ટમાં હાલ (19 સપ્ટેમ્બર 2019ની સ્થિતિએ) ત્રણ મહિલા જજો કાર્યરત છે.

- ભારતની સુપ્રીમ કોર્ટમાં એક સાથે ત્રણ મહિલા, જજ તરીકે કાર્યરત હોય એવી સુપ્રીમ કોર્ટના ઈતિહાસની આ પ્રથમ ઘટના છે.

**ભારતની સુપ્રીમ કોર્ટમાં વર્તમાન સમયે કાર્યરત મહિલા જજ**

| ક્રમ | નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | જસ્ટિસ આર. બાનુમથી | તમિલનાડુ |
| 2 | જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા | દિલ્હી |
| 3 | જસ્ટિસ ઈન્દિરા બેનર્જી | પશ્ચિમ બંગાળ |

**નોંધ :** જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા વકીલમાંથી સીધા જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ મહિલા જજ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુપ્રીમ કોર્ટ

- ભારતીય બંધારણના **ભાગ-5**માં **અનુચ્છેદ 124થી 147** અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- **28 જાન્યુઆરી, 1950**ના રોજ **નવી દિલ્હી** ખાતે **Chamber of Princes**માં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં **'ભારત સરકાર અધિનિયમ, 1935'** હેઠળ **'ફેડરલ કોર્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ **'ફેડરલ કોર્ટ'**ની અનુગામી સંસ્થા છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ **શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર** હતા.
- ભારતીય બંધારણના અનુચ્છેદ **124**માં **સર્વોચ્ચ અદાલત**ની સ્થાપનાની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટનો **મુદ્રાલેખ** છે : **'યતો ધર્મસ્તતો જયઃ'** એટલે કે **''જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.''**
- સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે **અંગ્રેજી ભાષા**નો ઉપયોગ કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ ઈ.સ. **1861**માં **કોલકાતા** બાદ **મુંબઈ** અને **મદ્રાસ** ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના **'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862'** મુજબ કરવામાં આવી હતી.)

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(1)** મુજબ **સંસદ** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકે છે.
- શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 7 ન્યાયાધીશ મળીને) કુલ **8 ન્યાયાધીશો** હતા.
- તાજેતરમાં વર્ષ 2019માં ન્યાયાધીશોની કુલ સંખ્યા **31**થી વધારીને **34** કરવામાં આવી હતી.
- આથી,વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 33 ન્યાયાધીશ મળીને) વધુમાં વધુ કુલ **34 ન્યાયાધીશો** રાખવાની જોગવાઈ છે.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(3)** મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની **લાયકાત** નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ. અથવા તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ. અથવા રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ **65 વર્ષ**ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

(2) જોકે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(2)** મુજબ **રાષ્ટ્રપતિ** દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની **નિમણૂક** કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(4)** અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ન્યાયાધીશની નિમણૂક માટેની Collegium શું છે ?

ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેનું **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ** અને **સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનું** મંડળ **Collegium** તરીકે ઓળખાય છે.

- ભારતમાં **સુપ્રીમ કોર્ટ** અને **હાઈકોર્ટ**માં **ન્યાયાધીશોની નિમણૂક અને ટ્રાન્સફર માટે** Collegium Systemનો ઉપયોગ થાય છે.
- આ સિસ્ટમ અંતર્ગત કોલેજીયમની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટમાં ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) આ 'Collegium'માં **સુપ્રીમ કોર્ટના ભાવિ મુખ્ય ન્યાયાધીશ**નો સમાવેશ કરવો અનિવાર્ય છે.

(2) ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની 'Collegium System'નો જન્મ **"Three judges cases"** દ્વારા થયો હતો.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો પગાર

ભારતમાં વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટના **ન્યાયાધીશ**નો માસિક પગાર **રૂ. 2,50,000** છે.

- જ્યારે સુપ્રીમ કોર્ટના **મુખ્ય ન્યાયાધીશ**નો માસિક પગાર **રૂ. 2,80,000** છે.

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

- સુપ્રીમ કોર્ટના વર્તમાન (19 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) મુખ્ય ન્યાયાધીશ **શ્રી રંજન ગોગોઈ** ભારતના **46મા** મુખ્ય ન્યાયાધીશ છે.
- સુપ્રીમ કોર્ટના **પ્રથમ** મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયા** ગુજરાતી હતા.
- **જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ** સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના **કાર્યકારી રાષ્ટ્રપતિ** તરીકે સેવા આપી હતી.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના **પ્રથમ મહિલા ન્યાયાધીશ** **શ્રીમતી ફાતિમાબીબી** હતા.

(2) જેમની વિરુદ્ધ **સૌપ્રથમ વખત ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ** લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ **શ્રી વી. રામાસ્વામી** હતા. જોકે તેમની વિરુદ્ધનો આ પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામા મુખ્યન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી. એન. (પ્રફુલ્લચંદ્ર નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશબ્બર અહમદી | સુરત |

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયા**ના ભત્રીજા **શ્રી એમ. એચ. (મધુકર હિરાલાલ) કણિયા** પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ. એચ. કણિયાનો જન્મ **મુંબઈ**માં થયો હતો.

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના |
| 124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| 124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| 124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |



## ➤ ભારતમાં ઈ-સિગારેટના પ્રતિબંધને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી



18 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં **નવી દિલ્હી** ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં **ઈ-સિગારેટ**ના પ્રતિબંધને મંજૂરી આપી દેવામાં આવી છે.

- આ પ્રતિબંધ અંતર્ગત ભારતમાં ઈ-સિગારેટનું **ઉત્પાદન, વેચાણ, આયાત, ટ્રાન્સપોર્ટ, સ્ટોરેજ તથા તેની જાહેરાત કરવી** એ ગુનો ગણાશે.

### સજા અને દંડ

આ પ્રતિબંધનો ભંગ કરનાર વ્યક્તિને **પ્રથમ વખત એક વર્ષ સુધીની કેદ અથવા રૂ. 1 લાખ સુધીનો દંડ** અથવા તો **સજા અને દંડ બંને** થશે.

- જ્યારે ફરીથી આ ગુનો કરવા બદલ **ત્રણ વર્ષ સુધીની કેદ અને રૂ. 5 લાખ સુધીનો દંડ** થશે.

### ઈ-સિગારેટ શું છે ?

**ઈ-સિગારેટ** અથવા તો **ઈલેક્ટ્રોનિક સિગારેટ** એ બેટરીથી ચાલતું એક એવું સાધન છે કે જે તેમાં રહેલા પ્રવાહીને **એરોસોલ**માં પરિવર્તિત કરે છે.

- જેને ઈ-સિગારેટ પીનાર શ્વાસમાં લે છે અને બહાર કાઢે છે.
- ઈ-સિગારેટમાં જે પ્રવાહી હોય છે તેમાં **Propylene glycol, Glycerin, Nicotine, Flavorings** તથા **સીસુ** જેવી ધાતુઓ અને અન્ય હાનિકારક રસાયણો હોય છે.
- જેનાથી કેન્સર થવાનું જોખમ રહે છે.
- આ ઉપરાંત ઈ-સિગારેટના એરોસોલમાં **ડાયાસીટીલ** નામનું રસાયણ પણ હોય છે, જે **ફેફસાના રોગો** માટે જવાબદાર છે.
- તાજેતરમાં અમેરિકાના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા સંશોધન અનુસાર ઈ-સિગારેટ દ્વારા **મગજના સ્ટેમ સેલને પણ નુકશાન થાય છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતના અન્ય રાજ્યોમાં વસતા વરિષ્ઠ નાગરિકો ગુજરાતના પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ શકે તે માટે ગુજરાત સરકારે કઈ યોજના શરૂ કરી છે ?
   (A) ગુજરાત તીર્થ દર્શન યોજના (B) તીર્થ દર્શન યોજના
   (C) ગુજરાત દર્શન યોજના (D) ગુજરાત તીર્થયાત્રા યોજના **(C)**

2. 'ગુજરાત દર્શન યોજના' અંતર્ગત ભારતના અન્ય રાજ્યોમાં વસતા બિન-નિવાસી ગુજરાતી વરિષ્ઠ નાગરિકો માટે ગુજરાત સરકાર દ્વારા પ્રતિ વ્યક્તિ મહત્તમ કેટલા રૂપિયા સુધી ખર્ચ કરવામાં આવશે ?
   (A) 5000 (B) 8000 (C) 10,000 (D) 12,000 **(C)**

3. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતની સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે...આ ચાર ન્યાયાધીશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
   (A) જસ્ટિસ કૃષ્ણ મુરારી (B) જસ્ટિસ આર.કે. મલ્હોત્રા
   (C) જસ્ટિસ વી. રામાસુબ્રમણ્યમ (D) જસ્ટિસ ઋષિકેશ રોય **(B)**

4. વર્તમાન સમયે ભારતની સુપ્રીમ કોર્ટમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સહિત વધુમાં વધુ કુલ કેટલા ન્યાયાધીશોની નિમણૂક કરી શકાય છે ?
   (A) 28 (B) 31 (C) 34 (D) 36 **(C)**

5. સુપ્રીમ કોર્ટના વર્તમાન (19 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) મહિલા જજમાં નીચેનામાંથી કયા જજનો સમાવેશ થતો નથી ?
   (A) જસ્ટિસ આર. બાનુમથી (R. Banumathi) (B) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા
   (C) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી (D) જસ્ટિસ ઈન્દુમતી શર્મા **(D)**

6. વકીલમાંથી સીધા જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર ભારતના પ્રથમ મહિલા જજનું નામ શું છે ?
   (A) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી (B) જસ્ટિસ ઈન્દિરા મલ્હોત્રા
   (C) જસ્ટિસ ઈન્દુમતી શર્મા (D) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા **(D)**

7. ભારતની સુપ્રીમ કોર્ટમાં શરૂઆતમાં કુલ કેટલા ન્યાયાધીશ હતા ?
   (A) 8 (B) 10 (C) 12 (D) 14 **(A)**

8. ભારતમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
   (A) 1950 (B) 1952 (C) 1954 (D) 1956 **(A)**

9. ભારતની વર્તમાન સુપ્રીમ કોર્ટ કઈ સંસ્થાની અનુગામી સંસ્થા છે ?
   (A) દિલ્હી કોર્ટ (B) બોમ્બે કોર્ટ (C) ફેડરલ કોર્ટ (D) સેન્ટ્રલ કોર્ટ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(B) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

અથવા

તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ.

અથવા

રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

(C) તેમની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(C)**

11. સુપ્રીમ કોર્ટનો મુદ્રાલેખ અથવા તો ધ્યેય વાકય શું છે ?

(A) સત્યમેવ જયતે (B) ધર્મમ્ જયતે (C) સત્યમ્ વિજયમ્ (D) યતો ધર્મસ્તતો જયઃ **(D)**

12. ભારતમાં સૌપ્રથમ અદાલતની સ્થાપના કયારે થઈ હતી ?

(A) 1841 (B) 1851 (C) 1855 (D) 1861 **(D)**

13. ભારતમાં ઈ.સ. 1861માં સૌપ્રથમ ત્રણ અદાલતની સ્થાપના કરવામાં આવી હતી...આ ત્રણ સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) કોલકાતા (B) મુંબઈ (C) મદ્રાસ (D) દિલ્હી **(D)**

14. ભારતીય બંધારણના કયા ભાગમાં સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ-3 (B) ભાગ-4 (C) ભાગ-5 (D) ભાગ-6 **(C)**

15. ભારતીય બંધારણના ભાગ-5માં કયા અનુચ્છેદ અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 124થી 134 (B) અનુચ્છેદ 124થી 138

(C) અનુચ્છેદ 124થી 141 (D) અનુચ્છેદ 124થી 147 **(D)**

16. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 124 (B) અનુચ્છેદ 125 (C) અનુચ્છેદ 126 (D) અનુચ્છેદ 127 **(A)**

17. સપ્ટેમ્બર 2019 દરમિયાન કેન્દ્રીય કેબિનેટે ભારતમાં કઈ સિગારેટ પરના પ્રતિબંધની મંજૂરી આપી છે ?

(A) તમાકુવાળી સાદી સિગારેટ (B) હર્બલ સિગારેટ

(C) ઈ-સિગારેટ (D) ઉપરોક્ત ત્રણેય **(C)**

18. ભારતમાં ઈ-સિગારેટ પરના પ્રતિબંધના ભંગ બદલ પ્રથમ વખત કેટલી સજા થશે ?

(A) એક વર્ષ સુધીની કેદ અથવા રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને

(B) બે વર્ષ સુધીની કેદ અથવા રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને

(C) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા રૂ. 3 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને

(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

19. ભારતમાં ઈ-સિગારેટ પરના પ્રતિબંધના બીજી વખત ભંગ બદલ કેટલી સજાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) બે વર્ષ સુધીની કેદ અથવા રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને
(B) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા રૂ. 3 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને
(C) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા રૂ. 4 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને
(D) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા રૂ. 5 લાખ સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને (D)

20. ઈ-સિગારેટ અથવા તો ઈલેક્ટ્રોનિક સિગારેટ એ તેમાં રહેલા પ્રવાહીને શેમાં પરિવર્તિત કરે છે કે જેને ઈ-સિગારેટ પીનાર શ્વાસમાં લે છે ?
(A) આલ્કોહોલ (B) એરોલિક (C) એરોસોલ (D) આઈસોહોલ (C)

## 20 SEPTEMBER, 2019 FRIDAY

### ➤ ભારતીય વાયુ સેનાના નવા વડા તરીકે શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયાની નિમણૂક



ભારતીય વાયુ સેનાના નાયબ વડા (Vice Chief of Air Staff) એર માર્શલ **શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયાની** **ભારતીય વાયુ સેનાના નવા વડા (Chief of Air Staff)** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ 30 સપ્ટેમ્બર, 2019ના રોજ નિવૃત્ત થઈ રહેલા એર ચીફ માર્શલ **શ્રી બિરેન્દર સિંહ ધનોઆનું** સ્થાન લેશે.

**શ્રી આર.કે. સિંહ ભદોરિયા**

શ્રી આર.કે. સિંહ ભદોરિયા ઉત્તરપ્રદેશના આગ્રા પાસેના કોરથ ગામના વતની છે.

- તેમને **પરમ વિશિષ્ટ સેવા મેડલ (PVSM), અતિ વિશિષ્ટ સેના મેડલ (AVSM) અને વાયુસેના મેડલ (VM)** વગેરે જેવા સૈન્ય એવોર્ડ એનાયત થયા છે.
- તેઓ 15 જૂન, 1980ના રોજ ભારતીય વાયુ સેનામાં જોડાયા હતા.
- તેમણે 4250 કલાકથી વધુ સમય સુધી હવાઈ જહાજ ઉડાળ્યા છે.
- અને તેમને જુદા-જુદા 26 જાતના યુદ્ધ વિમાનો ઉડાળવાનો અનુભવ છે. આ ઉપરાંત ભારતના અનેક અગત્યના ઓપરેશનલ અને વહીવટી કાર્યોમાં તેમની મહત્ત્વની ભૂમિકા છે.
- જાન્યુઆરી 2019માં ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** તેમની Aide De Campe તરીકે માનદ નિમણૂક કરી હતી.

## ➤ વિદેશમાં સ્થાયી થવાની બાબતમાં સમગ્ર વિશ્વમાં ભારતીયો પ્રથમ

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રસિદ્ધ થયેલા International Migrant Stock 2019 અનુસાર પોતાનો દેશ છોડીને વિદેશમાં સ્થાયી થવાની બાબતમાં સમગ્ર વિશ્વમાં **ભારતીયો પ્રથમ** ક્રમે છે.

- આ રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં માઈગ્રન્ટ્સની સંખ્યા અંદાજે 27.2 કરોડ જેટલી છે.
- જેમાંથી સૌથી વધુ ભારતમાં જન્મેલા 1.75 કરોડ લોકો જુદા-જુદા દેશોમાં રહે છે.
- ભારત બાદ આ યાદીમાં મેક્સિકો બીજા અને ચીન ત્રીજા ક્રમે છે.

**UNના રિપોર્ટ અનુસાર માઈગ્રન્ટ્સની યાદી**

| ક્રમ | દેશ | માઈગ્રન્ટ્સની સંખ્યા |
|---|---|---|
| 1 | ભારત | 1.75 કરોડ |
| 2 | મેક્સિકો | 1.18 કરોડ |
| 3 | ચીન | 1.07 કરોડ |
| 4 | રશિયા | 1.05 કરોડ |
| 5 | સીરિયા | 82 લાખ |
| 6 | બાંગ્લાદેશ | 78 લાખ |
| 7 | પાકિસ્તાન | 63 લાખ |
| 8 | યુક્રેન | 59 લાખ |
| 9 | ફિલિપાઈન્સ | 54 લાખ |
| 10 | અફઘાનિસ્તાન | 51 લાખ |

**નોંધ :** આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં કુલ માઈગ્રન્ટ્સની સંખ્યા વિશ્વની હાલની વસતીના 3.5 ટકા છે, જે વર્ષ 2000માં 2.8 ટકા હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. ભારતીય વાયુ સેનાના નવા વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી બિરેન્દર સિંહ ધનોઆ (B) શ્રી જગદીપ સિંહ ભદોરિયા
   (C) શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયા (D) શ્રી બિરેન્દર સિંહ ભદોરિયા **(C)**

2. ભારતીય વાયુ સેનાના નવા વડા તરીકે શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયાની કોની જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી બિપિન રાવત (B) શ્રી કરમબિર સિંઘ
   (C) શ્રી રાકેશ અસ્થાના (D) શ્રી બિરેન્દર સિંહ ધનોઆ **(D)**

3. UN દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા International Migrant Stock 2019 રિપોર્ટ અનુસાર પોતાનો દેશ છોડીને વિદેશમાં સ્થાયી થતા લોકોમાં સૌથી વધુ સંખ્યા કયા દેશની છે ?
   (A) ભારત (B) મેક્સિકો (C) ચીન (D) રશિયા **(A)**

4. UN દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા International Migrant Stock 2019 રિપોર્ટ અનુસાર વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય મૂળના લોકોની સંખ્યા કેટલી છે ?
   (A) 1.5 કરોડ (B) 1.75 કરોડ (C) 1.95 કરોડ (D) 2.25 કરોડ **(B)**

**21 SEPTEMBER, 2019 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, વિશ્વ શાંતિ દિવસ (World Peace Day)




સમગ્ર પૃથ્વી પર શાંતિ, સહિષ્ણુતા અને અહિંસાની સ્થાપના માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **21 સપ્ટેમ્બર**ના રોજ **'વિશ્વ શાંતિ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ ફેલાય તે માટે તથા યુદ્ધ અને હિંસા ન થાય તે માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા **1981**માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- જોકે, શરૂઆતમાં **સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે** આ દિવસની ઉજવણી કરવામાં આવતી હતી.
- ત્યારબાદ વર્ષ **2001**માં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારની જગ્યાએ દર વર્ષે **21 સપ્ટેમ્બર**ના રોજ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું હતું અને વર્ષ **2002**થી તેનો પ્રારંભ થયો હતો.
- વર્ષ **2019**ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ **'Climate Action for Peace'** છે.

## ➤ ભારતીય અર્થતંત્રને તીવ્ર ગતિથી વેગ આપવા ભારતમાં કોર્પોરેટ ટેક્સમાં અભૂતપૂર્વ ઘટાડો

વર્ષ **2024** સુધીમાં ભારતીય અર્થતંત્રને **5 ટ્રિલિયન ડોલર** સુધી લઈ જવાના ભારત સરકારના લક્ષ્યાંકને સાકાર કરવા માટે ભારતીય અર્થતંત્રને તીવ્ર ગતિથી વેગ આપવા માટે ભારતમાં **કોર્પોરેટ ટેક્સ**માં અભૂતપૂર્વ ઘટાડો કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત 20 સપ્ટેમ્બર 2019ના રોજ **ગોવા**ના **પણજી** ખાતેથી ભારતના નાણામંત્રી **શ્રીમતી નિર્મલા સીતારામને** ભારતીય અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે કેટલીક ખૂબ જ અગત્યની જાહેરાતો કરી હતી. જે આ પ્રમાણે છે :

### ઘરેલુ કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો

કેન્દ્ર સરકારે ભારતમાં **ઘરેલુ કંપનીઓ (Domestic Company)** પરનો **કોર્પોરેટ ટેક્સ 30 ટકા**થી ઘટાડીને **22 ટકા** કર્યો છે.

- આથી, ભારતમાં ઘરેલુ કંપનીઓને અગાઉ સેસ અને સરચાર્જ મળીને કુલ લગભગ **34.94 ટકા** કોર્પોરેટ ટેક્સ ચૂકવવો પડતો હતો જે હવે ઘટીને સેસ અને સરચાર્જ સાથે **25.17 ટકા** જ ચૂકવવો પડશે.
- આ ઉપરાંત તેમને **Minimum Alternate Tax (MAT)** પણ ચૂકવવો નહિ પડે.
- જોકે, આ માટે શરત એ રહેશે કે કંપનીને આ સિવાય અન્ય કોઈ છૂટ કે રાહતનો લાભ મળશે નહિ.
- સરકારનો આ નિર્ણય **1 એપ્રિલ, 2019**થી લાગુ થશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સરકારના આ નિર્ણયની અસર

કોર્પોરેટ ટેક્સમાં કરવામાં આવેલા આ ઘટાડાથી ભારત હવે વિશ્વના સૌથી ઓછા કોર્પોરેટ ટેક્સવાળા દેશોમાં સામેલ થઈ ગયું છે.

- આથી, ભારતમાં હવે સરળતાથી વિદેશી રોકાણ આકર્ષી શકાશે.
- વિદેશી રોકાણ આકર્ષિત કરવાની બાબતમાં ભારતના હરિફ દેશોના કોર્પોરેટ ટેક્સ આ પ્રમાણે છે :

### મીડિયા રિપોર્ટ અનુસાર વિવિધ દેશોમાં કોર્પોરેટ ટેક્સ

| દેશ | દર |
|---|---|
| બ્રાઝિલ | 34 ટકા |
| ઓસ્ટ્રેલિયા | 30 ટકા |
| દક્ષિણ આફ્રિકા | 28 ટકા |
| બાંગ્લાદેશ | 25 ટકા |
| ચીન | 25 ટકા |
| દક્ષિણ કોરિયા | 25 ટકા |
| મલેશિયા | 24 ટકા |




## મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રોકાણ કરતી નવી કંપનીઓ માટે ટેક્સમાં ઘટાડો

ભારતમાં **1 ઓક્ટોબર, 2019**ના રોજ અથવા તો ત્યારબાદ **નવી રચાનારી કંપની** જો **મેન્યુફેક્ચરિંગ સેક્ટર**માં રોકાણ કરશે તો તેમને **25 ટકા**ની જગ્યાએ હવે **15 ટકા** જ ટેક્સ ચૂકવવો પડશે.

- ભારતમાં આ અગાઉ સેસ અને સરચાર્જ મળીને આવી કંપનીઓએ કુલ લગભગ **29.12 ટકા** જેટલો ટેક્સ ચૂકવવો પડતો હતો. જે હવે ઘટીને સેસ તથા સરચાર્જ સહિત **17.01 ટકા** થઈ જશે.
- આ ઉપરાંત આવી કંપનીઓએ **Minimum Alternate Tax (MAT)** પણ ચૂકવવો નહિ પડે.
- જોકે, આ નિર્ણયનો લાભ લેવા માટેની શરત એ છે કે નવી સ્થપાનાર કંપનીનું ઉત્પાદન **31 માર્ચ, 2023 સુધીમાં** શરૂ થઈ જવું જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સરકારના આ નિર્ણયની અસર

ભારતમાં **'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ**ને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

- સરકારના આ નિર્ણયથી ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વિદેશી રોકાણને આકર્ષી શકાશે.
- જેનાથી ભારતમાં આર્થિક ગતિવિધિઓ તથા રોજગાર વધશે.
- આ ઉપરાંત તેનાથી સરકારની ટેક્સની આવકમાં પણ વધારો થશે.

## સરકારના કેટલાક અન્ય અગત્યના નિર્ણયો

કોર્પોરેટ ટેક્સમાં આપવામાં આવેલી ઉપરોક્ત જાહેરાત ઉપરાંત નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને કેટલાક અન્ય અગત્યના નિર્ણયોની પણ જાહેરાત કરી હતી. જે આ પ્રમાણે છે :

(1) રાહતો અને છૂટનો લાભ લેતી કંપનીઓએ આ અગાઉ **18.5 ટકા** MAT (Minimum Alternate Tax) ચૂકવવો પડતો હતો. જે હવે ઘટાડીને **15 ટકા** કરવામાં આવ્યો છે.

(2) ઈક્વિટી શેરના વેચાણ પરના કેપિટલ ગેઈન પર લાગતો **સુપર રિચ ટેક્સ** નાબૂદ કરવામાં આવ્યો છે.

(3) બજેટમાં વધારવામાં આવેલો **સરચાર્જ** ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર (FPI) દ્વારા ઈક્વિટીના વેચાણ પર લાગતા કેપિટલ ગેઈન પર લાગુ નહિ પડે.

(4) **5 જુલાઈ, 2019** અગાઉ બાયબેકની જાહેરાત કરનાર કંપનીઓને શેર બાયબેક કરવા પર કોઈ જ ટેક્સ નહીં લાગે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વટહુકમ દ્વારા ઉપરોક્ત નિર્ણયનો અમલ

સરકારના ઉપરોક્ત નિર્ણયના અમલ માટે –

(1) Income Tax Act 1961 અને

(2) The Finance (No. 2) Act 2019માં ફેરફાર કરવામાં આવ્યો છે.

- **The Taxation Laws (Amendment) Ordinance 2019** નામના વટહૂકમ દ્વારા આ ફેરફાર કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) વિવિધ ક્ષેત્રોમાંથી સરકારને થતી આવકમાં સૌથી વધુ હિસ્સો **કોર્પોરેટ ટેક્સ**નો જ હોય છે.

(2) ભારત સરકારના વર્ષ **2019-20**ના બજેટમાં સરકારની કુલ આવકમાં સૌથી વધુ **21 ટકા** હિસ્સો **Corporate Tax**નો જ હતો.

(3) **Corporate Tax**ને **Corporation Tax કે Company Tax** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) કોર્પોરેટ ટેક્સ એ **Direct Tax** છે. જે પ્રાઈવેટ, લિમિટેડ, નોંધાયેલી અને વણનોંધાયેલી એમ તમામ કંપનીઓ ઉપર તે લાગુ પડે છે.

(5) સરકારના ઉપરોક્ત નિર્ણયથી સરકારની તિજોરી પર **1.45 લાખ કરોડ** રૂપિયાનો નાણાકીય બોજ પડશે.

## ICE ? Questions

1. 'વિશ્વ શાંતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 સપ્ટેમ્બર (B) 20 સપ્ટેમ્બર (C) 21 સપ્ટેમ્બર (D) 22 સપ્ટેમ્બર **(C)**

2. વર્ષ 2019ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ શું છે ?
(A) Right to Peace of People
(B) Climate Action for Peace
(C) Partnerships for Peace - Dignity for All
(D) Stand up for International Peace **(B)**

3. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કઈ જગ્યાએ યોજાયેલી પત્રકાર પરિષદમાં ભારતના નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાની જાહેરાત કરી હતી ?
(A) પણજી (B) મુંબઈ (C) દિલ્હી (D) બેંગાલુરુ **(A)**

4. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં ઘરેલુ કંપનીઓ માટેનો કોર્પોરેટ ટેક્સ 30 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
(A) 20 ટકા (B) 22 ટકા (C) 24 ટકા (D) 25 ટકા **(B)**

5. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કેન્દ્ર સરકારે ભારતમાં ઘરેલુ કંપનીઓ પરનો કોર્પોરેટ ટેક્સ ઘટાડીને 22 ટકા કર્યો છે... આ ટેક્સ અગાઉ કેટલા ટકા હતો ?
(A) 35 ટકા (B) 32 ટકા (C) 30 ટકા (D) 28 ટકા **(C)**

6. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં અગાઉના 34.94 ટકાની જગ્યાએ ભારતની ઘરેલુ કંપનીઓએ હવે સેસ–સરચાર્જ સહિત કુલ કેટલા ટકા કોર્પોરેટ ટેક્સ ચૂકવવો પડશે ?
(A) 22 ટકા (B) 23.17 ટકા (C) 24.17 ટકા (D) 25.17 ટકા **(D)**

7. ભારતમાં તાજેતરમાં કોર્પોરેટ ટેક્સમાં થયેલા ઘટાડાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ઘરેલુ કંપનીઓ માટેનો કોર્પોરેટ ટેક્સ 30 ટકાથી ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો છે.
2. ઘરેલુ કંપનીઓ માટેનો સેસ તથા સરચાર્જ સહિતનો કોર્પોરેટ ટેક્સ 34.94 ટકાથી ઘટીને હવે 25.17 ટકા થઈ ગયો છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) 1 અને 2 બંને **(A)**

8. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે કયા ક્ષેત્રમાં રોકાણ કરનારી નવી કંપનીઓ માટે ટેક્સમાં રાહતની જાહેરાત કરી છે ?
(A) સેવા (B) મેન્યુફેક્ચરિંગ (C) A અને B બંને (D) બંનેમાંથી કોઈ નહિ **(B)**

9. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં નવી સ્થપાનાર કંપની જો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં રોકાણ કરે તો 25 ટકાની જગ્યાએ હવે કેટલા ટકા કોર્પોરેટ ટેક્સ ચૂકવવાનો રહેશે ?
(A) 22 ટકા (B) 20 ટકા (C) 18 ટકા (D) 15 ટકા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર ભારતમાં મેન્યુફેકચરિંગ સેકટરમાં રોકાણ કરતી નવી કંપનીએ સેસ તથા સરચાર્જ સહિત 29.12 ટકાની જગ્યાએ હવે કુલ કેટલા ટકા ટેક્સ ચૂકવવાનો રહેશે ?
(A) 15.01 ટકા (B) 17.01 ટકા (C) 18.01 ટકા (D) 21.01 ટકા **(B)**

11. ભારતમાં કયારથી સ્થપાનાર મેન્યુફેકચરિંગ સેકટરમાં રોકાણ કરતી નવી કંપનીઓને ટેક્સમાં રાહત આપવામાં આવશે ?
(A) 1 એપ્રિલ, 2019 (B) 1 જુલાઈ, 2019
(C) 1 ઓક્ટોબર, 2019 (D) 1 જાન્યુઆરી, 2020 **(C)**

12. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કેન્દ્ર સરકારે કરેલા કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાના નિર્ણયનો અમલ કયારથી થશે ?
(A) 21 સપ્ટેમ્બર, 2019 (B) 1 ઓક્ટોબર, 2019 (C) 1 એપ્રિલ, 2019 (D) 1 એપ્રિલ, 2020 **(C)**

13. 20 સપ્ટેમ્બર, 2019ના રોજ કેન્દ્ર સરકારે કરેલા કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાના નિર્ણયથી સરકારની તિજોરી પર કેટલો બોજો પડશે ?
(A) 1.25 લાખ કરોડ (B) 1.35 લાખ કરોડ (C) 1.45 લાખ કરોડ (D) 1.85 લાખ કરોડ **(C)**

14. ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટ અનુસાર ભારતની કુલ આવકમાં સૌથી વધુ હિસ્સો શેનો છે ?
(A) ઈન્કમ ટેક્સ (B) GST (C) કસ્ટમ ડ્યુટી (D) કોર્પોરેટ ટેક્સ **(D)**

15. ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટ અનુસાર ભારતની કુલ આવકમાં કોર્પોરેટ ટેક્સનો હિસ્સો કેટલા ટકા છે ?
(A) 15 ટકા (B) 18 ટકા (C) 21 ટકા (D) 24 ટકા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં વાવાઝોડાની આગોતરી ચેતવણી માટે 'અર્લી વોર્નિંગ ડિસિમિનેશન સિસ્ટમ'ને મંજૂરી

આશરે 1600 કિમી લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતમાં વાવાઝોડાની અગાઉથી જ ચેતવણી લોકોને મળી શકે તે માટે રૂ.45 કરોડના ખર્ચે **'અર્લી વોર્નિંગ ડિસિમિનેશન સિસ્ટમ'** ઊભી કરવા માટે ગુજરાત સરકારે મંજૂરી આપી દીધી છે. **નેશનલ સાયકલોન રિસ્ક મિટિગેશન પ્રોજેક્ટ** અંતર્ગત **નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી** અને **વર્લ્ડ બેન્ક**ના સંયુક્ત ઉપક્રમે **ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી** દ્વારા આ સિસ્ટમ ઊભી કરવામાં આવશે.

## ➤ 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

**'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન** અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી માટે **કેન્દ્ર સરકાર** દ્વારા **અમદાવાદ જિલ્લા**ની પસંદગી કરવામાં આવી છે. 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા લોક જાગૃતિ કેળવવાની શ્રેષ્ઠ કામગીરી બદલ **અમદાવાદ જિલ્લા**ને **રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ** મળ્યો છે. આ અભિયાનને પરિણામે અમદાવાદ જિલ્લામાં છોકરા-છોકરીઓ વચ્ચેના જાતિ પ્રમાણમાં પણ વધારો થયો છે.

## ➤ ગુજરાત સરકારના ખનીજ વિભાગને SKOCH એવોર્ડ એનાયત

તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં ગુજરાત સરકારના **ખનીજ વિભાગ**ને **SKOCH એવોર્ડ** એનાયત થયો છે. **SKOCH Group, નવી દિલ્હી** દ્વારા દર વર્ષે જુદા જુદા આઠ ક્ષેત્રો માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જેમાંથી ગુજરાત સરકારના **ખનીજ વિભાગ**ને **ઈ-ઓકશન ઓફ માઈન્સ** અને **ત્રિનેત્ર-ડ્રોન બેઈઝ્ડ સર્વેલન્સ ફોર માઈનિંગ એરિયાના પ્રોજેક્ટ** માટે આ એવોર્ડ એનાયત થયો છે.

## ➤ ગુજરાતના પવિત્ર યાત્રાધામ સોમનાથને શ્રેષ્ઠ સ્વચ્છ તીર્થ ધામ તરીકેનો એવોર્ડ

ભારત સરકારના **જળશક્તિ, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય** દ્વારા ગુજરાતના પવિત્ર યાત્રાધામ **સોમનાથ**ને **'શ્રેષ્ઠ સ્વચ્છ તીર્થધામ'** તરીકેનો એવોર્ડ એનાયત થયો છે. ભારત સરકારના જળશક્તિ, સ્વચ્છતા અને પેયજળ મંત્રાલયે **સ્વચ્છ ભારત મિશન** અંતર્ગત સ્વચ્છતા તથા સફાઈની ઉત્કૃષ્ટતા અને નવા પ્રયોગો માટે જે માપદંડો નક્કી કર્યા છે, તેમાં **'બેસ્ટ સ્વચ્છ આઈકોનિક પ્લેસ'** તરીકે **યાત્રાધામ સોમનાથ**ની પસંદગી કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા **સોમનાથ તથા દ્વારકા**ની 24×7 સફાઈ માટે **BVG ઈન્ડિયા લિમિટેડ**ને કામગીરી સોંપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Logistics Ease Across Differents States (LEADS) Index 2019માં ગુજરાત પ્રથમ

ભારત સરકારના **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા **લીડ્સ ઈન્ડેક્સ**માં વર્ષ **2018** બાદ વર્ષ **2019માં** પણ સમગ્ર દેશમાં **ગુજરાત પ્રથમ** ક્રમે છે. ભારતના વિવિધ રાજ્યોમાં માલસામાનની સરળતાથી હેરફેર અને એ અંગેની કાર્યક્ષમતાને આધારે આ રેન્ક આપવામાં આવે છે. જેમાં **ગુજરાત** બાદ **પંજાબ બીજા** અને **આંધ્રપ્રદેશ ત્રીજા** ક્રમે છે. જ્યારે **હિમાચલ પ્રદેશ** અંતિમ **22મા** ક્રમે છે. તાજેતરમાં **નવી દિલ્હી** ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય મંત્રી **શ્રી પિયુષ ગોયલ**ના હસ્તે ગુજરાતના ઊર્જા મંત્રી **શ્રી સૌરભ પટેલ**ને આ એવોર્ડ એનાયત થયો હતો.

## ➤ ગુજરાતમાં આર્થિક રીતે નબળા વર્ગો માટેનું સર્ટિફિકેટ હવે ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલા નિર્ણય અનુસાર **ગુજરાત**માં **આર્થિક રીતે નબળા વર્ગો (E.W.S.)ના અનામતના લાભ** માટેનું **પાત્રતા પ્રમાણપત્ર** ઈસ્યુ થયાની તારીખથી **ત્રણ વર્ષ** સુધી માન્ય રહેશે. **13 સપ્ટેમ્બર 2019 કે ત્યારબાદ ઈસ્યુ થયેલા** પ્રમાણપત્રને આ નિયમનો લાભ મળશે. જોકે, આ નિયમ **ફક્ત ગુજરાત સરકાર** હેઠળના E.W.S. અનામતના લાભ માટે જ લાગુ પડશે, **કેન્દ્ર સરકાર** હેઠળના E.W.S. અનામત માટે નહિ. આ ઉપરાંત ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન કુટુંબની આવકમાં જો ફેરફાર થાય તો તેની અરજદારે પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ કબુલાત કરવાની રહેશે.

## ભારત

### ➤ અંડર 19 એશિયા કપમાં બાંગ્લાદેશને પરાજય આપીને ભારત 7મી વાર ચેમ્પિયન

તાજેતરમાં **શ્રીલંકા**માં યોજાયેલી **અંડર 19 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ**ની ફાઈનલ મેચમાં **બાંગ્લાદેશ**ને 5 રનથી પરાજય આપીને **ભારતે** આ ટુર્નામેન્ટ **સાતમી વખત** જીતી લીધી છે. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં 5 વિકેટ ઝડપનાર ભારતીય બોલર **શ્રી અથર્વ અંકોલેકર મેન ઓફ ધ મેચ** જાહેર થયા હતા. આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 12 વિકેટો ઝડપવાનો રેકોર્ડ પણ તેમના નામે જ છે. જ્યારે ભારતના **શ્રી અર્જુન આઝાદે** આ ટુર્નામેન્ટમાં **સૌથી વધુ 202 રન** બનાવ્યા હતા.

## ICE Questions

➤ તાજેતરમાં ગુજરાતમાં વાવાઝોડાની આગોતરી ચેતવણી માટે રૂા.45 કરોડના ખર્ચે કઈ સિસ્ટમ ઊભી કરવા માટે ગુજરાત સરકારે મંજૂરી આપી છે ? – અર્લી વોર્નિંગ ડિસિમિનેશન સિસ્ટમ

➤ 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતના કયા જિલ્લાને તાજેતરમાં રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત થયો છે ? – અમદાવાદ

➤ તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં ગુજરાત સરકારના કયા વિભાગને SKOCH એવોર્ડ એનાયત થયો છે ? – ખનીજ વિભાગ

➤ તાજેતરમાં ભારત સરકારના જળશકિત, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા ગુજરાતના કયા યાત્રાધામને 'શ્રેષ્ઠ સ્વચ્છ તીર્થધામ' તરીકેનો એવોર્ડ એનાયત થયો છે ? – સોમનાથ

➤ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ 2019ના લીડ્સ ઈન્ડેકસમાં અથવા તો લોજિસ્ટિકસ ઈઝ એક્રોસ ડિફરન્ટ્સ સ્ટેટ ઈન્ડેકસ 2019માં ભારતનું કયું રાજ્ય સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે છે ? – ગુજરાત

➤ ગુજરાતમાં આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પાત્રતા પ્રમાણપત્ર હવે ઈસ્યુ થયાની તારીખથી કેટલા વર્ષ સુધી માન્ય રહેશે ? – ત્રણ વર્ષ

➤ તાજેતરમાં યોજાયેલી અંડર 19 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ શું છે ? – ભારત

➤ તાજેતરમાં કઈ ટીમને ફાઈનલમાં પરાજય આપીને ભારતે અંડર 19 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ સાતમી વખત જીતી લીધી છે ? – બાંગ્લાદેશ

➤ તાજેતરમાં બાંગ્લાદેશને પરાજય આપીને ભારતે અંડર 19 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ જીતી લીધી છે... આ ટુર્નામેન્ટ કયાં યોજાઈ હતી ? – શ્રીલંકા

➤ શ્રી અથર્વ અંકોલેકર કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ક્રિકેટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદે અમેરિકન દળોના આતંકવાદ વિરોધી અભિયાનમાં તાજેતરમાં માર્યા ગયેલા ઓસામા બિન લાદેનના પુત્રનું નામ શું છે ? – હમઝા બિન લાદેન
2. પ્રસિદ્ધ એપિસોડ 'કૌન બનેગા કરોડપતિ'ની વર્તમાન સિઝનમાં કરોડપતિ બનનાર પ્રથમ વ્યક્તિનું નામ શું છે ? – શ્રી સનોજ શર્મા
3. કોઈ એક દેશ વિરુદ્ધ સતત 10 ઈનિંગમાં 50થી વધુ સ્કોર કરનાર વિશ્વના પ્રથમ બેટ્સમેનનું નામ શું છે ? – શ્રી સ્ટિવ સ્મિથ (ઓસ્ટ્રેલિયા)
4. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં ટ્રાફિકના નવા ભારે દંડમાં ત્રણ મહિના સુધી એટલે કે ડિસેમ્બર 2019 સુધી રાહત આપવામાં આવી છે ? – ઝારખંડ
5. તાજેતરમાં કેન્દ્ર સરકારના નવા ટ્રાફિક નિયમોમાં ભારે દંડમાંથી રાહત આપીને નવા ઓછા દંડવાળા ટ્રાફિક નિયમો જાહેર કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – ગુજરાત
6. તાજેતરમાં કઈ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને ગરોળી જેવા સરીસૃપ વર્ગના જીવોના જીનના એડિટિંગમાં સફળતા મળી છે ? – જ્યોર્જિયા યુનિવર્સિટી (એથેન્સ)
7. તાજેતરમાં ચીનમાં યોજાયેલા FIBA Basketball World Cup 2019માં આર્જેન્ટિનાને પરાજય આપીને કઈ ટીમે આ વર્લ્ડ કપ જીતી લીધો છે ? – સ્પેન
8. તાજેતરમાં ગુજરાતની યુવા બેડમિન્ટન પ્લેયર સુશ્રી તસ્નીમ મીરને કઈ જગ્યાએ યોજાયેલી જુનિયર બેડમિન્ટન ટુર્નામેન્ટમાં 'ડબલ ગોલ્ડ' મેડલ મળ્યા છે ? – દુબઈ
9. તાજેતરમાં દુબઈ જુનિયર બેડમિન્ટન ટુર્નામેન્ટમાં 'ગર્લ્સ સિંગલ્સ' અને 'મિક્સ ડબલ્સ' ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર ગુજરાતના બેડમિન્ટન પ્લેયરનું નામ શું છે ? – સુશ્રી તસ્નીમ મીર
10. ગુજરાતની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસ કયા બે શહેરો વચ્ચે શરૂ થશે ? – અમદાવાદ-મુંબઈ
11. ગુજરાતમાં સૌપ્રથમ વખત ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં IAS-IPS જેવી પરીક્ષાની નિ:શુલ્ક તાલીમ આપવા માટે ગુજરાતના પ્રથમ UPSC ભવનની સ્થાપના કરવામાં આવશે ? – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
12. તાજેતરમાં ચીનના શ્રી સુન ફેઈ યેંગને પરાજય આપીને વિયેતનામ ઓપનમાં બેડમિન્ટનનું 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડીનું નામ શું છે ? – શ્રી સૌરભ વર્મા

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. તાજેતરમાં 15 સપ્ટેમ્બર 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં કલમ 370, 35-એ નાબૂદીના સમર્થનમાં યોજાયેલી ભારત વિકાસ કૂચ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું ? – વડોદરા

14. તાજેતરમાં ભારતના રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે ગુજરાતના કયા શહેરમાં મારૂતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં 122 જેટલા શહીદોના પરિવારોને શૌર્ય સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા છે ? – સુરત

15. તાજેતરમાં ચર્ચામાં રહેલા શ્રી સૌરભ વર્મા કઈ રમત સાથે સંકળાયેલા છે ? – બેડમિન્ટન

16. તાજેતરમાં ચર્ચામાં રહેલા શ્રી સૌરભ વર્મા ભારતના કયા રાજ્યના બેડમિન્ટન ખેલાડી છે ? – મધ્યપ્રદેશ

17. ભારતના પ્રસિદ્ધ બિલિયર્ડ તથા સ્નૂકર ખેલાડી શ્રી પંકજ અડવાણીએ તાજેતરમાં મ્યાનમારમાં યોજાયેલી IBSF વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતી લીધું છે....આ સાથે તેઓ કેટલામી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા છે ? – 22મી વખત

18. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી IBSF વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતીને શ્રી પંકજ અડવાણી 22મી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા છે ? – મ્યાનમાર

19. ભારતના પ્રસિદ્ધ બિલિયર્ડ તથા સ્નૂકર ખેલાડી શ્રી પંકજ અડવાણીનો જન્મ ભારતના કયા શહેરમાં થયો હતો ? – પૂણે (મહારાષ્ટ્ર)

20. તાજેતરમાં હોંગકોંગમાં ચાલી રહેલું ચીન વિરોધી આંદોલન કયા નામે ઓળખાય છે ? – અમ્બ્રેલા આંદોલન

21. સૌર તથા પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદનને કારણે વીજળીની દૃષ્ટિએ દેશની સૌથી સ્વનિર્ભર ગ્રામ પંચાયતનું નામ શું છે...કે જ્યાં ગામના તમામ ઘરોમાં વીજળી મફત છે ? – ઓડનથુરઈ (તમિલનાડુ)

22. સરકારી કાર્યમાં પારદર્શિતા લાવવા માટે તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'જન સૂચના પોર્ટલ' (Public Information Portal) લોન્ચ કરવામાં આવ્યું છે ? – રાજસ્થાન

23. Indian Standards Bureauના રિપોર્ટ અનુસાર આંતરરાષ્ટ્રીય સ્તરના સૌથી શ્રેષ્ઠ બુલેટપ્રૂફ જેકેટના નિર્માણમાં ભારત કયા ક્રમે છે ? – ચોથા (જ્યારે અમેરિકા પ્રથમ, બ્રિટન બીજા અને જર્મની ત્રીજા ક્રમે છે)

24. યમનમાં સંયુક્ત રાષ્ટ્રના મિશનના નેતૃત્વ માટે તાજેતરમાં ભારતના કયા સૈન્ય અધિકારીની નિમણૂક કરવામાં આવી છે ? – રિટાયર્ડ લેફ્ટિનેન્ટ જનરલ શ્રી અભિજીત ગુહા

25. એશિઝ સીરિઝ 2019માં વિજેતા ટીમનું નામ શું છે ? – ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની 5 ટેસ્ટ મેચની સીરિઝ 2-2થી ડ્રો રહી છે

26. તાજેતરમાં કયા દેશમાં એશિઝ ક્રિકેટ શ્રેણીનું આયોજન થયું હતું ? – ઈંગ્લેન્ડ

27. રૂ. એક કરોડથી વધુ રોકડ રકમ બેન્કમાંથી ઉપાડવા પર લાગતા 2 ટકા TDSમાંથી કોને રાહત આપવાની ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને તાજેતરમાં જાહેરાત કરી છે ? – માર્કેટ યાર્ડો (એગ્રીકલ્ચર પ્રોડ્યૂસ માર્કેટ કમિટીઓ)

28. જેમાં તરણ, દોડ અને સાઈક્લિંગ એમ ત્રણેયનો સમાવેશ થાય છે એવી અને વિશ્વની સૌથી મુશ્કેલ ગણાતી એન્ડુરોમેન ટ્રાઈથલોન નામની આશરે 463 કિમી લાંબી રેસ જીતનાર માત્ર ભારતના જ નહિ, પરંતુ એશિયાના પણ પ્રથમ વ્યક્તિનું નામ શું છે ? – શ્રી મયંક વૈદ
29. ભારતીય મેન્સ હેન્ડબોલ ટીમના નવા કોચ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પ્રવિણસિંહ
30. વિદેશમાં ભારતીય એલચી કચેરીમાં સૈન્ય રાજદ્વારી તરીકે નિમણૂક પામનાર ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા અધિકારીનું નામ શું છે ? – વિંગ કમાન્ડર અંજલિ સિંહ (તાજેતરમાં રશિયામાં ભારતીય દૂતાવાસમાં નિમણૂક)
31. ભારતીય વનસ્પતિ સર્વે (Botanical Survey of India) દ્વારા તાજેતરમાં નાગાલેન્ડમાં આદુની બે નવી પ્રજાતિઓની શોધ કરવામાં આવી છે...ભારતીય વનસ્પતિ સર્વેનું વડું મથક ક્યાં આવેલું છે ? – કોલકાતા (પશ્ચિમ બંગાળ)
32. પેપ્સિકોની સ્પોર્ટ્સ ડ્રિંક બ્રાન્ડ Gatoradeના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે તાજેતરમાં ભારતના કયા ખેલાડીની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી હિમા દાસ
33. રેશનકાર્ડ ધારકોને સસ્તી દાળ આપવા માટે તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી દાલ પોષિત યોજના' લોન્ચ કરવામાં આવી છે ? – ઉત્તરાખંડ
34. પદ્મ વિભૂષણ એવોર્ડ માટે નોમિનેટ થનારા ભારતના પ્રથમ મહિલા એથલિટ કોણ છે ? – સુશ્રી એમ.સી. મેરિકોમ
35. આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં તાજેતરમાં બીજી વખત હેટ્રીક લેનાર મહિલા ક્રિકેટરનું નામ શું છે ? – સુશ્રી મીગન શુટ (ઓસ્ટ્રેલિયા)
36. વર્ષ 2019ના એશિયા સોસાયટી ગેમ ચેન્જર એવોર્ડ માટે તાજેતરમાં ભારતના કયા પોલીસ ઓફિસરની પસંદગી કરવામાં આવી છે ? – મહિલા IPS સુશ્રી છાયા શર્મા (2012 નિર્ભયા કેસની તપાસ કરનાર ઓફિસર)
37. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા તાજેતરમાં 'જીવન કૌશલ્ય' અભ્યાસક્રમ ('Life Skills' Course) શરૂ કરવામાં આવ્યો છે ? – માનવ સંસાધન વિકાસ મંત્રાલય
38. તાજેતરમાં કયા દેશમાં દક્ષિણ–પૂર્વ એશિયાના સૌથી મોટા સોલાર પાવર ફાર્મનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – વિયેતનામ
39. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી વ્યાપારી સમૂહ વ્યક્તિગત અકસ્માત વીમા યોજના' અને 'મુખ્યમંત્રી વેપારી વળતર વીમા યોજના' લોન્ચ કરવામાં આવી છે ? – હરિયાણા
40. એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB)ના પ્રમુખ પદેથી રાજીનામું આપવાની તાજેતરમાં જાહેરાત કરનાર ADBના પ્રમુખનું નામ શું છે ? – શ્રી તાકેહિકો નાકાઓ
41. હરિયાણાના સોનિપત જિલ્લાના રાય ખાતે આવેલી હરિયાણા સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ (Chancellor) તરીકે તાજેતરમાં ભારતના કયા પ્રસિદ્ધ ખેલાડીની અથવા તો ક્રિકેટરની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી કપિલ દેવ
42. ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી કપિલ દેવની તાજેતરમાં કઈ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – હરિયાણા સ્પોર્ટ્સ યુનિવર્સિટી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

43. શ્રી ગુરુ નાનક દેવની 550મી જન્મજયંતિ નિમિત્તે તેમની રચનાઓને વિશ્વની વિવિધ ભાષાઓમાં પ્રકાશિત કરવાની તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ જાહેરાત કરી છે ? – UNESCO

44. તાજેતરમાં શ્રી સંજીબ દત્તાનું કોલકાતા ખાતે નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સિનેમા ('એક હસીના થી' તથા 'મર્દાની' જેવી હિટ ફિલ્મોના એડિટર)

45. ભારતમાં મિની તથા મેગા ફૂડ પાર્કોની સ્થાપના માટે તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ રૂ. 3000 કરોડની સહાય મંજૂર કરી છે ? – વર્લ્ડ બેન્ક

46. તાજેતરમાં કેરળ સરકારે કેન્સર માટે કયા દેશ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – માલદીવ

47. માલદીવમાં કેન્સર સંબંધિત આરોગ્ય સુરક્ષા માટે તાજેતરમાં માલદીવે ભારતના કયા રાજ્ય સાથે સમજૂતી કરાર કર્યા છે ? – કેરળ

48. તાજેતરમાં મ્યાનમારમાં યોજાયેલી IBSF વર્લ્ડ બિલિયર્ડ ચેમ્પિયનશિપ 2019માં 150 UP Formatમાં વિજેતા ખેલાડીનું નામ શું છે ? – શ્રી પંકજ અડવાણી

49. તાજેતરમાં ચર્ચામાં રહેલ ખેલાડી શ્રી કૌશલ ધર્મમેર કઈ રમત સાથે સંકળાયેલા છે ? – બેડમિન્ટન

50. તાજેતરમાં મ્યાનમાર ઈન્ટરનેશનલ સીરિઝમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી કૌશલ ધર્મમેરના રાજ્યનું નામ શું છે ? – મહારાષ્ટ્ર

51. Earth Echo International દ્વારા દર વર્ષે 'World Water Monitoring Day' (વિશ્વ જળ દેખરેખ નિયંત્રણ દિવસ) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 18 સપ્ટેમ્બર

52. 'World Water Day' (વિશ્વ જળ દિવસ) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 22 માર્ચ

53. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ગુજરાતના કયા શહેર અથવા તો જિલ્લામાં યોજાયેલા મેગા મેડિકલ કેમ્પમાં 17,595 દર્દીઓએ તેનો લાભ લઈને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે ? – ભાવનગર

54. પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત થવા માટે તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં 'પ્લાસ્ટિક હાઉસ'નો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે ? – છોટા ઉદેપુર

55. તાજેતરમાં ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર 1 ઓક્ટોબર, 2019થી ગુજરાતમાં નોન જ્યુડિશિયલ ફિઝિકલ સ્ટેમ્પ પેપરની જગ્યાએ કયા સ્ટેમ્પ પેપરનો ઉપયોગ થશે ? – ડિજિટલ સ્ટેમ્પિંગ

56. તાજેતરમાં ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર 1 ઓક્ટોબર, 2019થી ગુજરાતમાં કયા સ્ટેમ્પ પેપરની જગ્યાએ ડિજિટલ સ્ટેમ્પિંગનો ઉપયોગ થશે ? – નોન જ્યુડિશિયલ ફિઝિકલ સ્ટેમ્પ પેપર

57. માઉન્ટ એવરેસ્ટ તથા એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વત 'માઉન્ટ વિન્સન'ને સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ પર્વતારોહક સુશ્રી અરૂણિમા સિન્હા અગાઉ ભારતમાં કઈ રમતના નેશનલ ખેલાડી હતા ? – વોલીબોલ
(ખાસ નોંધ :– સુશ્રી અરૂણિમા સિન્હા ભારતના રાષ્ટ્રીય સ્તરના પૂર્વ વોલીબોલ ખેલાડી છે, ફૂટબોલ ખેલાડી નહિ.)

58. નાણાકીય વર્ષ 2017-18 દરમિયાન EPFO (Employees' Provident Fund Organisation) દ્વારા તેમના ખાતા ધારકોને PFની જમા રકમ પર 8.55 ટકાના દરે વ્યાજ આપવામાં આવ્યું હતું....નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન તેમને કેટલા ટકા વ્યાજ આપવામાં આવશે ? – 8.65 ટકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

59. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નવતર પહેલ 'મુખ્યમંત્રી સાથે મોકળા મને'ની બીજી શૃંખલામાં તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી સાથે કોણે સંવાદ કર્યો હતો ? – શિક્ષકોએ

60. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 'કલા સ્ટેશન' નામના ઓપન એર થિયેટરનો પ્રારંભ કરાવ્યો છે ? – રાજકોટ

61. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા યાત્રાધામમાં લાઈવ વેબકાસ્ટિંગ અને ઓટોમેટેડ SMS હેલ્પલાઈન સિસ્ટમનો પ્રારંભ કરાવ્યો હતો ? – અંબાજી

62. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા મેળામાં ખોવાયેલાં બાળકો તેમના માતા–પિતા કે વાલીને સરળતાથી પાછા મળી જાય તે માટે બાળકોને RFID કાર્ડ વિતરણ તથા ચાઈલ્ડ મિસિંગ હેલ્પલાઈનનો પ્રારંભ કરાવ્યો હતો ? – અંબાજીના મેળામાં

63. તાજેતરમાં થયેલા વરસાદ બાદ સપ્ટેમ્બર 2019માં ગુજરાત સરકારે ગુજરાતના કયા જિલ્લાને અછતમુક્ત જાહેર કર્યો છે ? – કચ્છ

64. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં 'શ્રી સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા'નું આયોજન કયાં થયું હતું ? – ગાંધીનગર

65. તાજેતરમાં ગુજરાતના ગાંધીનગર ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે કઈ કાર્યશાળાનું આયોજન થયું હતું ? – શ્રી સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા

66. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 9મા એગ્રી એશિયા એક્ઝિબિશનનો ક્યાંથી પ્રારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર

67. તાજેતરમાં ગુજરાતમાં રાજ્યકક્ષાના 'પોલીસ વન મહોત્સવ 2019'નું આયોજન કયાં થયું હતું ? – બોડકદેવ, અમદાવાદ

68. તાજેતરમાં ગુજરાત સરકારે મોટર વ્હીકલ એક્ટના નવા નિયમોમાંથી કયા નિયમોના દંડમાંથી 15 ઓક્ટોબર, 2019 સુધી મુક્તિ આપી છે ? – હેલમેટ અને PUC

69. PUCનું પૂરું નામ શું છે ? – Pollution Under Control

70. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર રેલવેના કર્મચારીઓને વર્ષ 2019માં દશેરા અગાઉ કેટલા દિવસનું વેતન બોનસ સ્વરૂપે આપવામાં આવશે ? – 78 દિવસ

71. ICCની ટુર્નામેન્ટના ઈતિહાસની સૌથી વધુ જોવાયેલી મેચ કઈ છે ? – વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપની ઈંગ્લેન્ડ–ન્યુઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચ (જે 1.6 અબજ દર્શકોએ જોઈ હતી)

72. તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલા ઐતિહાસિક હવા મહેલને બચાવવા માટે શાળા કોલેજના વિદ્યાર્થીઓએ પોસ્ટકાર્ડ ઝૂંબેશ શરૂ કરી છે ? – પોરબંદર

73. તાજેતરમાં વર્ષ 2019માં ભારતમાં ઉજવાયેલા 52મા એન્જિનિયર દિવસની થીમ શું હતી ? – Engineering for Change

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

74. તાજેતરમાં જ એન્ડુરોમેન ટ્રાઈથલોન પૂરી કરનાર પ્રથમ ભારતીય શ્રી મયંક વૈદ કયા રાજ્યના છે ?
– હિમાચલ પ્રદેશ

75. તાજેતરમાં ચર્ચામાં રહેલું કોડિયાક્કરાઈ વન્યજીવ અભયારણ્ય ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?
– તમિલનાડુ (તમિલનાડુના વેદારણ્યમ જિલ્લામાં આવેલા આ અભયારણ્યમાં હાલ હરણના પુનઃવસન માટે પ્રયાસો થઈ રહ્યા છે. )

76. તાજેતરમાં કયા દેશના વડાપ્રધાનને 'ડો. કલામ સ્મૃતિ ઈન્ટરનેશનલ એક્સેલન્સ એવોર્ડ 2019'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – બાંગ્લાદેશ (બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાને)

77. તાજેતરમાં જસ્ટિસ પી. લક્ષ્મણ રેડ્ડીની ભારતના કયા રાજ્યના પ્રથમ લોકાયુક્ત તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
– આંધ્રપ્રદેશ

78. તાજેતરમાં આંધ્રપ્રદેશના પ્રથમ લોકાયુક્ત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – જસ્ટિસ પી. લક્ષ્મણ રેડ્ડી

79. ભારતના પ્રથમ મહિલા સૈન્ય રાજદૂત કોણ છે ? – વિંગ કમાન્ડર અંજલિ સિંહ

80. 'Turbulence & Triumph : The Modi Year' પુસ્તકના લેખકનું નામ શું છે ?
– શ્રી રાહુલ અગ્રવાલ અને સુશ્રી ભારતી એસ. પ્રધાન

81. ઓક્ટોબર-નવેમ્બર 2019 દરમિયાન યોજાનાર '38મા શારજાહ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળા'ની થીમ શું છે ?
– પુસ્તક ખોલો, દિમાગ ખોલો

82. તાજેતરમાં ભારતમાં કઈ પેમેન્ટ બેન્કે 'ભરોસા બચત ખાતું' (Bharosa Saving Account) લોન્ચ કર્યું છે ?
– એરટેલ પેમેન્ટ બેન્ક

83. તાજેતરમાં ઓસ્કાર એવોર્ડ માટે નોમિનેટ થયેલી ભારતની ડોક્યુમેન્ટરી ફિલ્મનું નામ શું છે ?
– મોતી બાઘ (Director - શ્રી નિર્મલ ચન્દ્ર)

84. 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' 2019ની થીમ શું છે ? – ભાગીદારી (Participation)

85. 'વિશ્વ વાંસ દિવસ' ક્યારે ઉજવાય છે ? – 18 સપ્ટેમ્બર

86. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી સેવા સંકલ્પ હેલ્પલાઈન 1100' લોન્ચ કરવામાં આવી છે ?
– હિમાચલ પ્રદેશ

87. તાજેતરમાં દક્ષિણ એશિયાના સૌથી ઊંચા ટાવર ('લોટસ ટાવર')નું કયા દેશમાં અનાવરણ કરવામાં આવ્યું છે ?
– શ્રીલંકા (શ્રીલંકાના કોલંબોમાં)

88. 2020માં જાપાનના ટોક્યો ખાતે યોજાનાર ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરનાર ભારતના પ્રથમ રેસલર કોણ બન્યું છે ?
– સુશ્રી વિનેશ ફોગટ

89. થોડા સમય બાદ ભારતમાં લોન્ચ થનાર કરણ વંદના કયા પાકની નવી જાત છે ? – ઘઉં

90. મનુષ્ય અને પ્રાણી વચ્ચેના સંઘર્ષને ઘટાડવા માટે તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે બાયો-ફેન્સિંગની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે ? – ઉત્તરાખંડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**91.** તાજેતરમાં ભારતના કયા શહેરમાં National Centre for Clean Coal Research and Development (NCCCR&D) અથવા તો 'સ્વચ્છ કોલસાના સંશોધન અને વિકાસ માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું છે ?
– બેંગાલુરુ (બેંગાલુરુની Indian Institute of Science - IISCમાં)

**92.** તાજેતરમાં 17થી 19 સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતના કયા શહેરમાં 5મા 'આંતરરાષ્ટ્રીય રામાયણ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

**93.** ગગનયાન પ્રોજેક્ટ અંતર્ગત Human Centric Systems ટેક્નોલોજી માટે ઈસરોએ તાજેતરમાં કોની સાથે MOU કર્યા છે ? – DRDO (Defence Research and Development Organization)

**94.** Electronic Certificate of Origin ઉપલબ્ધ કરાવવા માટે તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા Digital Platform લોન્ચ કરવામાં આવ્યું છે ?
– વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (Ministry of Commerce and Industry)

**95.** ફ્રાન્સના પ્રતિષ્ઠિત પુરસ્કાર Academie des beaux-arts Photography Award - William Klein વિજેતા પ્રથમ વ્યક્તિ તથા ભારતના પ્રસિદ્ધ ફોટોગ્રાફર અને ફોટોજર્નલિસ્ટનું નામ શું છે ? – શ્રી રઘુ રાય

**96.** તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે વર્ષ 2020ને 'Artificial Intelligence (AI) Year' (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્ષ) તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે ? – તેલંગાણા

**97.** સપ્ટેમ્બર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ મેગા ટ્રેડ ફેર'નો પ્રારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ

**98.** ગુજરાતમાં ગુટકા, તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલા ઉપર ક્યારથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ? – 2012થી

**99.** ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તાજેતરમાં ગુજરાતમાં ગુટકા-તમાકુ અને નિકોટીનયુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર 11 સપ્ટેમ્બર, 2019થી કેટલા વર્ષ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?
– એક વર્ષ

**100.** તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતીય સેના દ્વારા ચીન સરહદે કયા વિસ્તારમાં યુદ્ધ અભ્યાસ કરવામાં આવ્યો હતો ? – લદાખ

**101.** તાજેતરમાં ચીન સરહદે લદાખના ઊંચાઈવાળા વિસ્તારોમાં યોજાયેલા યુદ્ધ અભ્યાસમાં ભારતની કઈ સેનાએ ભાગ લીધો હતો ? – આર્મી અને એરફોર્સ

**102.** તાજેતરમાં શ્રી શ્યામ રામસેનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફિલ્મ

**103.** ભારતીય સિનેમામાં 'વીરાના', 'બંધ દરવાજા', 'ઘૂંઘટ' વગેરે જેવી હોરર ફિલ્મો અને 'ઝી હોરર શો' નામની પ્રસિદ્ધ ટીવી સિરિયલના નિર્માતાનું તાજેતરમાં નિધન થયું છે....તેમનું નામ શું છે ? – શ્રી શ્યામ રામસે

**104.** 19 સપ્ટેમ્બર 2019ના રોજ દક્ષિણ આફ્રિકા સામેની ટી-20 મેચમાં શ્રી રોહિત શર્માને પાછળ રાખીને ટી-20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવનાર ખેલાડીનું નામ શું છે ? – શ્રી વિરાટ કોહલી

**105.** ભારતના સ્વદેશી બનાવટના યુદ્ધ વિમાનમાં ઉડાન ભરનાર ભારતના પ્રથમ સંરક્ષણ મંત્રીશ્રીનું નામ શું છે ?
– શ્રી રાજનાથ સિંહ

**106.** 19 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કયા યુદ્ધ વિમાનમાં ઉડાન ભરી હતી ?
– તેજસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

107. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસમાં ઉડાન ભરનાર ભારતના પ્રથમ સંરક્ષણ મંત્રી કોણ છે ? – શ્રી રાજનાથ સિંહ

108. 19 સપ્ટેમ્બર, 2019ના રોજ શ્રી રાજનાથ સિંહે ભારતના સ્વદેશી યુદ્ધ વિમાન તેજસમાં ક્યાંથી ઉડાન ભરી હતી ?
– HAL Airport (હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એરપોર્ટ), બેંગાલુરુ

109. તાજેતરમાં ભારતની કઈ હાઈકોર્ટે ઈન્ટરનેટના વપરાશને મૂળભૂત અધિકાર ગણાવતો ઐતિહાસિક આદેશ આપ્યો છે ?
– કેરળ

110. તાજેતરમાં વેઈટલિફ્ટીંગની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં નેશનલ રેકોર્ડ બનાવનાર ભારતીય ખેલાડીનું નામ શું છે ?
– સુશ્રી મીરાબાઈ ચાનુ

111. તાજેતરમાં ગુજરાત સરકારના કયા બે બોર્ડ વચ્ચે એકસૂત્રતા જળવાય તે માટે તે બંને બોર્ડને અલગ અલગ કરીને બંને બોર્ડને અલાયદી કામગીરી સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
– ગુજરાત ટુરિઝમ બોર્ડ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ

112. તાજેતરમાં દિનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર તથા નાનાજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામ સભા પુરસ્કાર 2019 માટે ગુજરાતના કયા ગામની પસંદગી કરવામાં આવી છે ? – જેઠીપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા

113. નાનાજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામ સભા પુરસ્કાર વિજેતા ગુજરાતની એકમાત્ર ગ્રામ પંચાયતનું નામ શું છે ?
– જેઠીપુરા

114. બ્લેક કોર્ટ પર યોજાનાર વિશ્વની એક માત્ર ટેનિસ ટુર્નામેન્ટનું નામ શું છે ? – લેવર કપ

115. તાજેતરમાં ચર્ચામાં રહેલી તથા મે 2019 દરમિયાન ટાઈમ મેગેઝિનના કવર પેઈજ પર ચમકનાર સુશ્રી ગ્રેટા થનબર્ગ કોણ છે ? – સ્વિડનની 16 વર્ષીય પર્યાવરણવાદી એક્ટિવિસ્ટ

116. ચીનની રાજધાની બેઈજિંગમાં 2022 દરમિયાન યોજાનાર બેઈજિંગ ઓલિમ્પિક્સ અને પેરા ઓલિમ્પિક્સ 2022ના શુભંકર (Mascot)નું નામ શું છે ? – Bing Dwen Dwen અને Shuey Rhon Rhon

117. ભારતમાં 'ડિજિટલ પેમેન્ટ અભિયાન' માટે તાજેતરમાં કઈ કંપની કેન્દ્ર સરકાર સાથે જોડાઈ છે ? – ગૂગલ

118. તાજેતરમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે ભારતના કયા શહેરમાં 'રાષ્ટ્રીય પોલીસ યુનિવર્સિટી'ની સ્થાપના કરવાની જાહેરાત કરી છે ? – ગ્રેટર નોઈડા (ઉત્તરપ્રદેશ)

119. ટ્રાન્સજેન્ડરની સર્જનાત્મક કળાઓના પ્રદર્શન માટે ભારતના કયા રાજ્યમાં ભારતના પ્રથમ Trans Art Festival 'Varnapakitt-2019'નું આયોજન કરવામાં આવ્યું છે ? – કેરળ

120. તાજેતરમાં ભારતના કયા રાજ્યની તમામ સ્કુલોમાં ધોરણ 3થી 8 સુધી સંસ્કૃત ભાષાનો અભ્યાસ ફરજિયાત બનાવવામાં આવ્યો છે ? – ઉત્તરાખંડ

121. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારી સ્કુલોમાં ધોરણ 3થી 12 સુધી સંસ્કૃત ભાષાનો અભ્યાસ ફરજિયાત કરવામાં આવ્યો છે ? – ઉત્તરાખંડ

122. તાજેતરમાં ચર્ચામાં રહેલી વિશ્વની બીજા નંબરની સૌથી મોટી કોલસાની ખાણ દેઓના પચામી દેવાનગંજ હરિનસિંઘા ભારતના કયા રાજ્યમાં આવેલી છે ? – પશ્ચિમ બંગાળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

**FACEBOOK**
**icerajkot**

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- UPSC
- IBPS
- SBI
- PO
- CLERK
- PSI
- PI
- CONSTABLE
- TALATI
- Dy. S.O.
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.